સુવિચાર
''સંતાનો આપણાં આદેશથી નહી, આપણાં આચરણથી સંસ્કારિત બનતા હોય છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૮/૦૯/૨૦૨૬, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ શ્રાવણ વદ-૧૨ વર્ષ : ૧૭ અંક : ૨૨૪

## જિલ્લાનાં અંતરિયાળથી લઈને મુખ્ય શહેરમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો

# અમરેલી જિલ્લામાં ''શ્રી કૃષ્ણ જન્મોત્સવ''ની આસ્થાભેર ઉજવણી

**જિલ્લાનાં મુખ્ય મથક અમરેલીમાં શોભાયાત્રા અને લોકમેળો યોજાયો**

**લોકમેળામાં જલપરી, રાઈડસ, સર્કસ, મોતનો કુવો આકર્ષણનું કેન્દ્ર બન્યા**

**આબાલ-વૃધ્ધ, અમીર-ગરીબ સૌ કોઈ શ્રી કૃષ્ણમય બની ગયા**

**સાવરકુંડલા, લીલીયા, રાજુલા, બાબરા સહિત તમામ શહેરો અને ગામોમાં કૃષ્ણપ્રેમીઓ ઝુમી ઉઠયા**





અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લામાં ભગવાન શ્રીકૃષ્ણ જન્મોત્સવની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાંઆવી હતી.

**અમરેલી**

અમરેલી ખાતે આવેલ ફોરવર્ડ હાઈસ્કૂલના વિશાળ મેદાનમાં યોજાયેલા જન્માષ્ટમીના લોકમેળામાં હજારોની સંખ્યામાં લોકો ઉમટયા હતા. સવારથી શરૂ થયેલી લોકોની અવરજવર રાત્રે ચરમસીમાએ પહોંચી હતી, પરિવાર સાથે આવેલા શહેરીજનો અને ગ્રામ્ય વિસ્તારના લોકો મેળાની મોજ માણતા જોવા મળ્યા હતા.

અમરેલીમાં જન્માષ્ટમી પર્વની ઉજવણીના ભાગરૂપે અમરેલી શહેરમાં ફોરવર્ડ હાઈસ્કૂલના વિશાળ મેદાનમાં યોજાયેલા લોકમેળામાં જન્માષ્ટમીના દિવસે ભારે જનમેદની ઉમટી પડી હતી. સવારથી જ શહેર તેમજ આસપાસના વિસ્તારોમાંથી લોકો પરિવાર સાથે મેળાની મુલાકાતે પહોંચવા લાગ્યા હતા. દિવસ દરમિયાન ધીમે ધીમે વધતી ગયેલી ભીડ સાંજ બાદ એટલી વધી હતી કે મેળાનું સમગ્ર મેદાન માનવ મહેરામણથી ઉભરાઈ ગયું હતું.

જન્માષ્ટમી નિમિત્તે યોજાયેલા આ લોકમેળામાં બાળકો અને યુવાનો માટે વિવિધ પ્રકારની રાઈડ્સ તથા મનોરંજનના સાધનો ઉભા કરવામાં આવ્યા હતા. રાઈડ્સની મોજ માણવા માટે બાળકોમાં ખાસ ઉત્સાહ જોવા મળ્યો હતો. પરિવાર સાથે આવેલા શહેરીજનો પણ વિવિધ રાઈડ્સ અને મનોરંજનના સાધનોની મોજ માણતા નજરે પડયા હતા.

આ વર્ષે પ્રથમ વખત મેળામાં જલપરી આવી હતી ઉપરાંત મોતનો કૂવો, વિવિધ રાઈડ્સ-સર્કસ સહિતના આકર્ષણો લોકો માટે મુખ્ય આકર્ષણ બન્યા હતા. ખાસ કરીને મોતના કૂવા અને વિવિધ રાઈડ્સ જોવા માટે યુવાનો તથા બાળકોમાં ભારે ઉત્સુકતા જોવા મળી હતી. મેળામાં ઉભા કરવામાં આવેલા ખાણીપીણીના સ્ટોલ અને રમકડાંના સ્ટોલ પર પણ લોકોની સતત ભીડ જોવા મળી હતી.

સાંજ પડતાં જ મેળામાં લોકોની સંખ્યામાં સતત વધારો થતો ગયો હતો. રાત્રિના સમયે તો ફોરવર્ડ હાઈસ્કૂલનું વિશાળ મેદાન ચારેય તરફથી લોકોની ભીડથી ભરાઈ ગયું હતું. હજારોની સંખ્યામાં લોકો એકસાથે મેળાની મુલાકાતે આવતા સમગ્ર વિસ્તારમાં ચહલપહલ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

**અનુસંધાન પાના ૬ ઉપર**

## ખેડૂત મહિલાએ જિલ્લા કલેકટરને પત્ર પાઠવીને યોગ્ય કાર્યવાહી કરવા માંગ કરી

# ગઢડાના ઈતરીયા ગામે લાખો રૂપિયાની કિંમતી જમીન ઉપર સોલાર પાવર પ્લાન્ટ કંપનીનું દબાણ

**બે કંપનીઓના પ્રતિનિધિઓએ ધમકી આપ્યાનો પણ લેખિત અરજીમાં આક્ષેપ**

અમરેલી, તા. ૭

બોટાદ જિલ્લાનાં ગઢડા તાલુકાના ઈતરીયા ગામનાં મહિલા ખેડૂત નીલાબેન બીચ્છુભાઈ વાળાએ જિલ્લા કલેકટરને અરજી આપેલ છે.

અરજીમાં જણાવેલ છે કે ગઢડાના ઈતરીયા ગામે આવેલ તેઓની માલીકીની અંદાજિત રૂપિયા ૭૬ લાખની કિંમતી ખેતીની જમીન જેના સર્વે નંબર ખેડ ખાતા નં. ૪૮૯થી સ.નં. ૪૧ પૈકીપ/પૈકી૧ છે.

ઉપરોકત જમીન ઉપર (૧) INOX RENEWABLE SOLUTIONS LTD, 301, ABS TOWER, OLD PADRA ROAD, VADODARA-390007,(2) SVARYU ENERGY LIMITED, MARATHON FUTUREX. 29TH FLOOR, UNIT NO.2916 TO 2918 નામ અને સરનામાં વાળી કંપની અને તેના સ્થાનિક પ્રતિનિધિઓએ અમારી જમીનમાં અમોને ડરાવી, ધમકાવી અને બળજબરીપુર્વક સોલાર પાવર પ્લાન્ટ સ્થાપવાનાં કામે સોલાર પેનલ ઉભી કરી દીધેલ છે. જયારે અમોએ બંને કંપનીઓના પ્રતિનિધિઓને અમારી જમીન ઉપર દબાણ કરી સોલાર પેનલ ઉભી કરી દીધેલ છે. જયારે અમોએ બંને કંપનીઓના પ્રતિનિધિઓને અમારી જમીન ઉપર દબાણ કરી સોલાર પેનલ ઉભી કરવા બદલ રજુઆત કરી ત્યારે તે બંને કંપનીઓના પ્રતિનિધિઓએ અમોને જે થાય તે કરી લેવાની ધમકી આપેલ અને તદઉપરાત તે બંને કંપનીઓના પ્રતિનિધિઓ અમોને નજીવા ભાવે જમીન ઉપર સોલાર પ્લાન્ટ સ્થાપવા માટે દરેક પ્રકારે

**અનુસંધાન પાના ૬ ઉપર**

અપોલો હોસ્પિટલ્સ-અમદાવાદના
સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
અમરેલી માં...
Apollo HOSPITALS

દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
ડો. જતીન વખારિયા
કન્સલટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS

દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
ડો. પાર્થ જોષી
MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર)
મિનિમલી ઈન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જન

દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી
ડો. શ્રેયા બુટાલા
MD, DM Gastro (SGPGIMS),
Consultant Gastroenterologist and Hepatologist

દર મહિનાના ત્રીજા શુક્રવારે
ડો. પ્રિતિશ શાહ
એમબીબીએસ,એમડી (મેડિસિન), ડીઆરએનબી (નેફ્રોલોજી)
કન્સલટન્ટ નેફ્રોલોજિસ્ટ
લક્ષણો:

આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : +91 8238984000 & 7698815315
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧-એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ - ગાંધીનગર. 8401801066






### વનકર્મીઓએ જીવ જોખમમાં મૂકી બચાવ્યો ગીરનો રાજા

# ખાંભા : વાંગધ્રા ગામની સીમમાં ઇનફાઈટમાં ગંભીર રીતે ઘવાયેલા સિંહનું રેસ્કયુ

### ૨૦ જેટલા કર્મીઓની જહેમત બાદ સારવાર માટે ખસેડાયો



અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લાનાં ગીર વિસ્તારનાં ખાંભા તાલુકામાં વન્ય પ્રાણીઓ અને માનવ વસાહતો વચ્ચે સતત બનતી ઘટનાઓ વચ્ચે વનવિભાગની ટીમે વધુ એક સાહસિક અને દિલધડક રેસ્કયૂ ઓપરેશન હાથ ધરી ઘાયલ સિંહનો જીવ બચાવ્યો છે. ખાંભા તાલુકાનાં વાંગધ્રા ગામની સીમ વિસ્તારમાં થોડા દિવસો અગાઉ અન્ય સિંહ સાથે થયેલી ઈનફાઈટમાં ગંભીર રીતે ઘાયલ થયેલો સિંહ ૧૦ ફૂટ જેટલા ઊંડા પાળામાં પટકાઈ ગયો હતો. સિંહની ગંભીર સ્થિતિની જાણ થતાં વનવિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી.

મળતી વિગતો મુજબ, ઈનફાઈટ દરમિયાન સિંહને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત હાલતમાં સિંહ વાંગધ્રા ગામની સીમમાં આવેલા અંદાજે ૧૦ ફૂટ ઊંડા પાળામાં પટકાઈ ગયો હતો. ઊંડા પાળામાં પડેલો સિંહ બહાર નીકળી શકે તેવી સ્થિતિમાં ન હતો. બીજી તરફ, ઘાયલ હોવા છતાં સિંહ અત્યંત જોખમી સ્થિતિમાં હોવાથી તેને બહાર કાઢવાનું ઓપરેશન પણ વનકર્મીઓ માટે પડકાર જનક બન્યું હતું.

વનવિભાગની ટીમે પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યા બાદ સિંહને સુરક્ષિત રીતે રેસ્કયૂ કરવાનો નિર્ણય લીધો હતો. રેસ્કયૂ ઓપરેશન દરમિયાન વનવિભાગનાં કર્મચારીઓએ ભારે સાવચેતી સાથે કામગીરી હાથ ધરી હતી. સિંહને સારવાર માટે પાંજરામાં પૂરવા માટે એક વનકર્મી વન્યપ્રાણી માટેનાં પાંજરામાં પ્રવેશ્યો હતો અને જોખમ વચ્ચે સિંહને ગાળીયો નાખીને કાબૂમાં લીધો હતો. આ સમગ્ર કામગીરી દરમિયાન વનકર્મીઓએ પોતાના જીવની પરવા કર્યા વિના ઘાયલ સિંહને બચાવવા માટે હિંમતપૂર્વક કામગીરી કરી હતી.

૧૦ ફૂટ જેટલા ઊંડા પાળામાંથી સિંહને બહાર કાઢવો સરળ ન હતો. સિંહની ગંભીર ઈજાઓને ધ્યાનમાં રાખીને કોઈપણ પ્રકારની બેદરકારી તેના માટે જીવલેણ સાબિત થઈ શકે તેમ હતી. જેના પગલે વનવિભાગનાં અધિકારીઓ અને કર્મચારીઓએ સંકલન સાથે રેસ્કયૂ ઓપરેશન હાથ ધર્યુ હતું. અંદાજે ૨૦ જેટલા વનકર્મીઓએ ભારે જહેમત ઉઠાવી સિંહને પાળામાંથી બહાર કાઢયો હતો અને ત્યારબાદ તેને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

રેસ્કયૂ બાદ ઘાયલ સિંહને વનવિભાગની દેખરેખ હેઠળ સારવાર આપવામાં આવી હતી. સિંહની સ્થિતિ ગંભીર હોવાને કારણે નિષ્ણાત તબીબોની દેખરેખ હેઠળ તેની સારવાર અને સતત મોનિટરિંગ કરવામાં આવ્યું હતું. આશરે ૧૦ દિવસ સુધી સારવાર આપ્યા બાદ સિંહની તબિયતમાં સુધારો થતાં તેને ફરીથી કુદરતી રહેઠાણ એવા જંગલ વિસ્તારમાં મુક્ત કરવામાં આવ્યો હતો.

સિંહનાં રેસ્કયૂ ઓપરેશન દરમિયાન વનવિભાગનાં કર્મચારીઓએ દાખવેલી હિંમત અને સમયસરની કામગીરીને કારણે એક અમૂલ્ય વન્યજીવનો જીવ બચાવી શકાયો છે. ખાસ કરીને ગંભીર રીતે ઘવાયેલા અને ૧૦ ફૂટ ઊંડા પાળામાં પટકાયેલા સિંહને સુરક્ષિત રીતે બહાર કાઢી તેની સારવાર કરવી વનવિભાગ માટે પડકારજનક કામગીરી હતી.

આ સમગ્ર કામગીરીની રાજય સરકારનાં વનમંત્રી અર્જુન મોઢવાડિયાએ પણ નોંધ લીધી હતી. વનમંત્રી દ્વારા સોશ્યલ મીડિયા મારફતે વનવિભાગની કામગીરીને બિરદાવવામાં આવી હતી. ઘાયલ સિંહને સમયસર રેસ્કયૂ કરી સારવાર આપીને ફરી જંગલમાં મુક્ત કરવામાં આવતા વન્યજીવ સંરક્ષણ પ્રત્યે વનવિભાગની કામગીરીનું વધુ એક ઉદાહરણ સામે આવ્યું છે.

દિલધડક રેસ્ક્યૂથી બચ્યો ગીરનો સાવજ વાંગધ્રા ગામની સીમમાં થયેલા આ રેસ્કયૂ ઓપરેશનમાં એક તરફ ઘાયલ સિંહનો જીવ બચાવવાનો પડકાર હતો તો બીજી તરફ વનકર્મીઓ માટે પણ ગંભીર જોખમ હતું. તેમ છતાં અંદાજે ૨૦ જેટલા કર્મીઓની ટીમે સંકલિત રીતે કામગીરી કરી અને અંતે સિંહને ૧૦ દિવસની સારવાર બાદ ફરી જંગલમાં મુક્ત કરી સફળ રેસ્કયૂ ઓપરેશન પૂર્ણ કર્યુ હતું.

# દામનગર : બેસ્ટ તુટેલા રોડનો એવોર્ડ પાલિકાને આપવાની જરૂર



દામનગર, તા. ૭

મુખ્યમંત્રી કે કોઈ મોટા નેતાઓ આવવાનાં હોય તો રાતોરાત રસ્તાઓ ટનાટન બનાવી દેવાય. સરકારમાં કોઈપણ હોય માણસ જ હોય છે તો સવાલ એવા થાય કે ગામ કે શહેરોમાં વસતા લોકો માટે રસ્તાઓ સારા તો બનાવાય છે પરંતુ નબળી ગુણવત્તા વાળા મટીરીયલ્સને કારણે રસ્તાઓ જલ્દીથી તૂટી જતાં હોય છે ને ફરિયાદો અને રજૂઆતો છતાં કાન તો સારા જ હોય છે છતાં બહેરા કાને અથડાઈને સમસ્યા દિવસો અરે મહિનાઓ સુધી ઉકેલાતી નથી. ! દામનગર શહેરની અંદર જયાં–જયાં ડામરનાં રસ્તામાં પડેલા ખાડાઓમા ડામર અથવા સિમેન્ટથી બુરવાને બદલે નાખેલી કપચી નીકળવા માંડે છે અને કોઈને વાગી શકે એવી સ્થિતિનિ સાથે નગરપાલિકા કચેરીની બહાર ડામર ઉખડી જવાને કારણે ખાડો પહોળો થતો જવાથી એવું લાગે કે શું દામનગરનાં લોકો અઢારમી સદીમાં જીવી રહ્યા છે. ? ગત ૧૫મી ઓગસ્ટે મુખ્યમંત્રી અમરેલી આવેલ ત્યારે સ્થાનિક તંત્રએ રાતોરાત રસ્તાઓ ટનાટન બનાવ્યા હતા, તો શું આ સંસ્થાને ગ્રાંટ નથી મળતી.?

### સમગ્ર પંથકની જનતાને દિવાળીએ ટ્રેનનાં દર્શન થશે નહી

# લ્યો બોલો : અમરેલી–ખીજડીયા વચ્ચેના રેલ્વે ટ્રેકના ટેસ્ટિંગ બાદ પૂનઃ પાટા કાઢી નખાયા : જમીન સંપાદનની જાહેરાત

### ગોકળ ગાયની ગતિએ થતી કામગીરીનાં કારણે બ્રોડગેજ પ્રોજેકટ પુરો થતો નથી

અમરેલી, તા. ૭

અમરેલી શહેર માટે બ્રોડગેજ રેલવે એક સ્વપનું જ બની રહેશે? અગાઉ અમરેલી–ખીજડિયા વચ્ચે બ્રોડગેજ રેલવે લાઈનના પાટા નાંખી અને તેના ઉપર ટ્રેન દોડાવી અને સફળ ટેસ્ટિંગની કામગીરી થઈ ગયા બાદ હવે કેટલાક સ્થળે પાટા કાઢી નાખવામાં આવ્યા છે. આવી સ્થિતિ વચ્ચે હવે ફરી જમીન સંપાદન માટે બે અલગ અલગ જાહેરાતો પ્રસિદ્ધ થતાં બ્રોડગેજ કામગીરીની આયોજન પ્રક્રિયા સામે પ્રશ્નો ઊભા થયા છે. લાંબા સમયથી જમીન સંપાદનની પ્રક્રિયા ચાલતી હોવા છતાં ટેસ્ટિંગ બાદ ફરી જમીનની જરૂરિયાત ઊભી થવી અને તેના માટે નવેસરથી જાહેર નામાં બહાર પાડવામાં આવતા સમગ્ર મામલો ચર્ચાનો વિષય બન્યો છે.

અમરેલી–ખીજડિયા વચ્ચે બ્રોડગેજ રૂપાંતરની કામગીરી લાંબા સમયથી ચાલી રહી છે. તાજેતરમાં નવી નાખવામાં આવેલી રેલવે લાઈન પર એન્જિન દ્વારા ટેસ્ટિંગ પણ કરવામાં આવ્યું હતું. ટેસ્ટિંગ બાદ રેલવે સેવા શરૂ થવાની આશા વચ્ચે અચાનક કેટલાક સ્થળે પાટા કાઢી નાખવામાં આવ્યા હતા. હવે ગત તા. ૨૫ ઓગસ્ટ, ૨૬ના રોજ જમીન સંપાદનને લગતી બે અલગ જાહેરાતો પ્રસિદ્ધ થતાં બ્રોડગેજ કામગીરીમાં ફરી એક વખત જમીનનો પ્રશ્ન સામે આવ્યો છે.

જાહેરાતોમાં દર્શાવાયેલી જમીન સંપાદનની કાર્યવાહી અગાઉની પ્રક્રિયાઓના અનુસંધાનમાં હોવાનું પણ સામે આવ્યું છે. એટલે જમીન સંપાદનનો પ્રશ્ન નવી રીતે ઊભો થયો છે કે અગાઉની કાર્યવાહી અધૂરી રહી હતી અથવા હવે બ્રોડગેજ લાઈન અને તેને સંલગ્ન માળખાકીય કામગીરી માટે વધારાની કે અલગ જમીનની જરૂરિયાત ઊભી થઈ છે, તે અંગે સ્પષ્ટતા જરૂરી બની છે.

અગાઉ પણ આ જ વિસ્તારમાં જમીન સંપાદન માટેની કાર્યવાહી અને જાહેરાતો પ્રસિદ્ધ થઈ ચૂકી છે. જમીન સંપાદનની પ્રક્રિયા લાંબા સમયથી ચાલી રહી હોવા છતાં પહેલા રેલવે ટ્રેક તૈયાર કરવામાં આવ્યો, તેના પર ટેસ્ટિંગ પણ થયું અને ત્યારબાદ પાટા કાઢી નાખવાની સ્થિતિ સર્જાઈ હોવાનું સ્થાનિક સ્તરે ચર્ચાઈ રહ્યું છે.



હવે ફરી બે જમીન સંપાદનની જાહેરાતો બહાર આવતાં સમગ્ર આયોજન અને કામગીરીના ક્રમ સામે સવાલો ઊભા થયા છે. માર્ચમાં ટ્રેક પર એન્જિન ચલાવી ટ્રાયલ પણ થઈ ગયું હતું મહત્વની બાબત એ છે કે રેલવે મંત્રાલયની જુલાઈ, ૨૦૨૬ની સત્તાવાર માહિતીમાં રૂ.૧૭૮ કરોડના અંદાજિત ખર્ચવાળી ૧૭ કિલોમીટર ખીજડિયા–અમરેલી ગેજ કન્વર્ઝન યોજના હજુ ચાલુ પ્રોજેક્ટ તરીકે દર્શાવવામાં આવી છે. બીજી તરફ માર્ચના અંતમાં આ રૂટ પર એન્જિન ટ્રાયલ કરવામાં આવ્યું હોવાનું જાહેર થયું હતું.

વર્ષોથી બ્રોડગેજની રાહ જોતા અમરેલીના લોકોની પરીક્ષા અમરેલીવાસીઓ લાંબા સમયથી બ્રોડગેજ રેલવે સુવિધાની રાહ જોઈ રહ્યા છે ત્યારે ટેસ્ટિંગ બાદ ટ્રેન સેવા શરૂ થવાની અપેક્ષા હતી. પરંતુ પાટા કાઢી નાખવાની સ્થિતિ અને હવે જમીન સંપાદન માટે ફરી જાહેરનામાં પ્રસિદ્ધ થતાં બ્રોડગેજ કામગીરી કયારે સંપૂર્ણ રીતે આગળ વધશે અને નિયમિત ટ્રેન વ્યવહાર કયારે શરૂ થશે તે અંગે ફરી અનિશ્ચિતતા સર્જાઈ છે.

અમરેલીના લોકોને બ્રોડગેજ રેલવે લાઈન તો ના મળી પણ મીટર ગેજ ટ્રેન પણ ખોઈ અમરેલીમાં વર્ષોથી વેરાવળ અને જૂનાગઢ વચ્ચે ચાલતી મીટરગેજ લાઈન પણ બ્રોડગેજ લાઈન મેળવવાની આશામાં ખોઈ છે. અગાઉ ચાલતી મીટરગેજ લાઈન બ્રોડગેજની કામગીરીના કારણે ૬ મહિના માટે બંધ કરવામા આવી હતી તે આજે બે વર્ષથી બંધ થયા બાદ હજુ સુધી શરૂ થઈ શકેલ નથી. આમ મીટરગેજ લાઈન પણ અમરેલીના લોકો ખોઈ ચુકયા છે.

# લાઠીમાં જાહેરમાં જુગાર રમતા પાંચ પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૭

લાઠી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એમ.બી. એસુરાને મળેલ બાતમીથી તેમની સુચના અને માર્ગદર્શન નીચે લાઠી પોલીસ ટીમ દ્વારા લાઠી જુના કોળીવાસ પાસે જાહેર જગ્યામાં પૈસા પાનાથી હાર–જીતનો જુગાર રમતા લાઠી ગામે રહેતા સજાદભાઈ સાહિલભાઈ સેતા, મુસ્તાકભાઈ મહમદભાઈ કુરેશી, રોનકભાઈ ભરતભાઈ બારૈયા તથા રાકેશભાઈ ગોરધનભાઈ રાઠોડ સહિત ચાર પતાપ્રેમીઓને રોકડા રૂા. ૧૦,૭૩૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી મજકુર આરોપીઓ વિરૂધ્ધમાં લાઠી પોલીસ સ્ટેશનમાં જુગાર ધારાની કલમ હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરેલ છે.

# હીંડોરણા ગામે જુગાર રમતા પાંચ ઈસમો ઝડપાયા

અમરેલી, તા. ૭

રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર વી.એમ. કોલાદરાની સુચના અને માર્ગદર્શન નીચે રાજુલા પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્ટાફ તથા હીંડોરણા બીટ પોલીસ ટીમે હીંડોરણા ગામે મીરા દાતાર વિસ્તારમાં જાહેરમાં હારજીતનો જુગાર રમતા હોવાની બાતમી મળતા રજુલાના હીંડોરણા ગામે રહેતા ભગતભાઈ દેવાભાઈ મકવાણા, ભેરાઈ રોડ મીરાનગરમાં રહેતા અશોકભાઈ બચુભાઈ બોસમીયા, લોઠપુર દરબાર શેરીમાં રહેતા કીશોરભાઈ બાબાભાઈ ધાખડા, હીંડોરણા ધાર વિસ્તારમાં રહેતા માધાભાઈ કરશનભાઈ ગમારા તથા લોઠપુર સંધી વાસમાં રહેતા વિજયભાઈ કરશનભાઈ ચૌહાણ સહિત પાંચ ઈસમોને રોકડા રૂા. ૩૩,૭૫૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી તેઓના વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

### કોંગ્રી ઉપપ્રમુખ ટીકુભાઈ વરૂએ પત્ર પાઠવ્યો

# જાફરાબાદ : પીજીવીસીએલની સબ કચેરી ટીંબી ખાતે શરૂ કરવા રજુઆત

### હજારો વીજ ગ્રાહકોને નજીકમાં સેવા આપવા માંગ

અમરેલી, તા. ૭

જાફરાબાદ તાલુકામાં પીજીવીસીએલની નવી સબ ડિવિઝન ઓફિસ જાફરાબાદ શહેરમાં સ્થાપવાનાં બદલે ટીંબી શહેર ખાતે સ્થાપવા માટે ટીકુભાઈ વરૂ દ્વારા ગુજરાતનાં મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

હાલ જાફરાબાદ શહેર ખાતે પીજીવીસીએલની કચેરી કાર્યરત છે અને જાફરાબાદ શહેરમાં જ બીજી સબ ડિવિઝન ઓફિસ સ્થાપવાની વિચારણા થઈ રહી હોવાનું જાણવા મળ્યું છે. પરંતુ જાફરાબાદ સબ ડિવિઝન હેઠળ હાલમાં કુલ ૫૪ જેટલા ગામો આવેલા હોવાથી તાલુકાનાં વિશાળ ગ્રામ્ય વિસ્તારનાં ખેડૂતો અને વીજ ગ્રાહકોને ધ્યાનમાં રાખીને નવી સબ ડિવિઝન ઓફિસ ટીંબી શહેર ખાતે સ્થાપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

ટીંબી શહેર જાફરાબાદ તાલુકાનાં અનેક ગ્રામ્ય વિસ્તારો માટે અનુકૂળ અને વ્યૂહાત્મક કેન્દ્ર બની શકે તેમ છે. ટીંબી ખાતે પીજીવીસીએલની સબ ડિવિઝન ઓફિસ શરૂ કરવામાં આવે તો ટીંબી તથા તેની આજુબાજુનાં અનેક ગામોનાં ખેડૂતો અને વીજ ગ્રાહકોને વીજળી સંબંધિત કામગીરી માટે જાફરાબાદ સુધી લાંબું અંતર કાપવાની મુશ્કેલીમાંથી મોટી રાહત મળશે.

આ ઉપરાંત ગીર ગઢડા તાલુકાનાં ટીંબીની નજીક આવેલા ગામડાઓને પણ ટીંબી ખાતેની નવી પીજીવીસીએલ સબ ડિવિઝન ઓફિસનાં કાર્યક્ષેત્રમાં સામેલ કરી શકાય, જેથી અમરેલી અને ગીર સોમનાથ જિલ્લાનાં સરહદી ગ્રામ્ય વિસ્તારોનાં વીજ ગ્રાહકોને પણ ઝડપી અને સરળ વીજ સેવા ઉપલબ્ધ થઈ શકે.

ખાસ કરીને ખેતીવાડી વીજ જોડાણ, વીજ ફોલ્ટ, વીજ પુરવઠાની સમસ્યા, ટ્રાન્સફોર્મર તથા વીજ લાઈનમાં ખામી સર્જાય ત્યારે ટીંબી ખાતે સબ ડિવિઝન ઓફિસ તથા જરૂરી સ્ટાફ ઉપલબ્ધ હોય તો ફોલ્ટ ઝડપથી શોધી સમારકામની કામગીરી હાથ ધરી શકાય અને ખેડૂતોને સમયસર વીજ પુરવઠો મળી શકે.

હાલ જાફરાબાદ સબ ડિવિઝન હેઠળ ૫૪ ગામોનો મોટો વિસ્તાર આવરી લેવાતો હોવાથી તમામ ગામોના ગ્રાહકો સુધી ઝડપી સેવા પહોંચાડવી પડકાર રૂપ બને છે. તેથી ટીંબીની આસપાસનાં ગામોનું યોગ્ય વિભાજન કરી નવી સબ ડિવિઝન ઓફિસ ટીંબી ખાતે કાર્યરત કરવામાં આવે તો હજારો વીજ ગ્રાહકો, ખેડૂતો અને ગ્રામ્ય જનતાને મોટા પ્રમાણમાં ફાયદો થઈ શકે તેમ છે.

જાફરાબાદ શહેરમાં જ બે પીજીવીસીએલ સબ ડિવિઝન ઓફિસ કાર્યરત કરવામાં આવે તો તેનો લાભ મુખ્યત્વે જાફરાબાદ શહેર તથા નજીકનાં વિસ્તારને મળશે. તેના બદલે એક સબ ડિવિઝન ઓફિસ જાફરાબાદ ખાતે અને બીજી સબ ડિવિઝન ઓફિસ ટીંબી ખાતે રાખવામાં આવે તો સમગ્ર વિસ્તારની વીજ સેવા વધુ સુવ્યવસ્થિત બની શકે અને દૂરનાં ગામડાઓના લોકોને પણ ઝડપી સેવા મળી શકે.

ટીકુભાઈ વરૂએ મુખ્યમંત્રીને વિનંતી કરી છે કે, જાફરાબાદ સબ ડિવિઝન હેઠળનાં ૫૪ ગામો તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારનું યોગ્ય વહીવટી વિભાજન કરી, ટીંબી શહેર ખાતે નવી પીજીવીસીએલ સબ ડિવિઝન ઓફિસ સ્થાપવા તથા જરૂરી સ્ટાફ અને સાધનોની ફાળવણી કરવા સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવે.

આ નિર્ણયથી જાફરાબાદ, ટીંબી તથા ગીર ગઢડા તાલુકાનાં નજીકનાં ગામડાઓના ખેડૂતો અને વીજ ગ્રાહકોને ઝડપી, સરળ અને અસરકારક વીજ સેવા મળી શકશે તથા વીજ ફોલ્ટ અને ખેતીવાડી વીજ પુરવઠાની સમસ્યાઓનું ઝડપથી નિરાકરણ લાવવામાં મદદ મળશે.

નવી પીજીવીસીએલ સબ ડિવિઝન ઓફિસ જયાં ખરેખર જરૂરિયાત છે ત્યાં સ્થાપવામાં આવે તો જ ગ્રામ્ય પ્રજા અને ખેડૂતોને તેનો મહત્તમ લાભ મળશે. તેમ અમરેલી જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ ટીકુભાઈ વરૂ જણાવ્યું છે.

### કાચા ડાયવર્ઝનથી દરરોજ પસાર થતાં હજારો વાહન ચાલકો પરેશાન

# બાબરા–ચમારડી માર્ગ પરના બે બ્રિજના ચાલતા કામમાં ગોકળગાયને શરમ આવે તેવી ગતિ

### મસમોટા ખાડા, ધુળની ડમરીઓ અને અકસમાતનો ભય



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૭

બાબરા–ચમારડી સ્ટેટ હાઈવે માર્ગ પર નિર્માણાધીન બે નવા બ્રિજનું કામ કયારે પૂર્ણ થશે તે અંગે વાહનચાલકો અને રાહદારીઓમાં હવે સવાલ ઉઠવા લાગ્યો છે. બ્રિજના નિર્માણને કારણે બનાવવામાં આવેલા કાચા ડાયવર્ઝન હાલમાં વાહનચાલકો માટે ભારે મુશ્કેલીનું કારણ બની રહ્યા છે. કાચા રસ્તામાં મસમોટા ખાડા પડી જતાં નાના વાહનચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે, જયારે ફોરવ્હીલ વાહનોને પણ નુકસાન થવાની ફરિયાદો ઉઠી રહી છે.

ડાયવર્ઝનના રસ્તા પર ખાડા પડતાં તંત્ર દ્વારા માત્ર માટી પૂરીને સંતોષ માનવામાં આવી રહ્યો હોવાની સ્થિતિ વચ્ચે વાહનો પસાર થતાં ધૂળની ડમરીઓ ઊડતી હોવાથી આસપાસના વિસ્તારમાં પણ પરેશાની સર્જાઈ રહી છે. ખાસ કરીને બાઈક અને નાના વાહનો માટે કાચા ડાયવર્ઝન પરથી પસાર થવું જોખમી બની રહ્યું છે.

બાબરા–ચમારડી માર્ગ સ્ટેટ હાઈવે હોવાથી ગોંડલ, જેતપુર અને જૂનાગઢ તરફ જતાં–આવતાં મુસાફરોની સતત અવરજવર રહે છે. ઉપરાંત મોટા દેવળીયા સહિત આસપાસના ગામોમાંથી બાબરા ખાતે રત્ન કલાકારો, વિદ્યાર્થીઓ તેમજ અન્ય મુસાફરોની મોટી સંખ્યામાં અવરજવર રહેતી હોવાથી આ માર્ગનું મહત્વ પણ વિશેષ છે.

આથી માર્ગ અને મકાન વિભાગ દ્વારા બ્રિજનું બાકી રહેલું કામ ઝડપથી પૂર્ણ કરવામાં આવે તેમજ બન્ને બ્રિજના કાચા ડાયવર્ઝનને તાત્કાલિક ધોરણે ડામરથી પાકા કરવામાં આવે તેવી વાહનચાલકો અને રાહદારીઓમાંથી માંગ ઉઠી છે. ડાયવર્ઝનના રસ્તાની વાસ્તવિક સ્થિતિ જાણવા માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ તાત્કાલિક સ્થળ નિરીક્ષણ કરે તો વાહનચાલકો અને રાહદારીઓને પડી રહેલી મુશ્કેલીઓનો સાચો ચિતાર મળી શકે તેમ છે.

### યાર્ડની ચૂંટણી નજીક આવતા ખેડૂતો પર ભેટોની વરસાદ ?

# બાબરા : ચેરમેનની મંડળી મારફતે ખેડૂતોને સાડી–કપડાં સહિતની મોંઘી ભેટો અપાતી હોવાના આક્ષેપો

### ચૂંટણી આચાર સંહિતાનાં ભંગ અંગે ઉઠયા સવાલો

બાબરા, તા. ૭

બાબરા માર્કેટિંગ યાર્ડની ચૂંટણી નજીક આવતાં જ રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. ત્યારે યાર્ડનાં ચેરમેન દ્વારા પોતાની મંડળી મારફતે ખેડૂતોને મોંઘી ભેટ સોગાદોનું વિતરણ કરવામાં આવી રહ્યું હોવાની ચર્ચાએ સમગ્ર બાબરા પંથકમાં ભારે ચર્ચા જગાવી છે. ખેડૂતોને યાર્ડ ખાતે બોલાવી સાડી, કપડાંની જોડી સહિતની ભેટો આપવામાં આવી રહી હોવાની માહિતી સામે આવતાં આ સમગ્ર મામલે હવે અનેક સવાલો ઉઠવા પામ્યા છે.

ચૂંટણી નજીક આવી રહી હોય ત્યારે ખેડૂતોને આ પ્રકારની ભેટો આપીને પ્રભાવિત કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે કે કેમ ? તેમજ આ પ્રકારની પ્રવૃત્તિ ચૂંટણી આચાર સંહિતાની જોગવાઈઓનો ભંગ કરે છે કે કેમ ? તે અંગે સંબંધિત ચૂંટણી તંત્ર દ્વારા નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

ખાસ કરીને છેલ્લા કેટલાય વર્ષોથી યાર્ડ સાથે સંકળાયેલા ખેડૂતો માટે ઉપયોગી અને કાયમી સુવિધાઓ ઊભી કરવામાં આવી ન હોવા અંગે ખેડૂતોમાં નારાજગી જોવા મળી રહી છે. ખેડૂતોના હિતમાં જરૂરી સુવિધાઓ, વ્યવસ્થાઓ અને પ્રશ્નોનાં નિરાકરણ માટે વર્ષોથી રજૂઆતો થતી હોવા છતાં હવે ચૂંટણી નજીક આવતા અચાનક ખેડૂતોને બોલાવી ભેટો આપવાની પ્રવૃત્તિ શરૂ થતાં ખેડૂતોમાં પણ ચર્ચાનો માહોલ સર્જાયો છે.

વર્ષો સુધી ખેડૂતો યાદ ન આવ્યા અને હવે ચૂંટણી નજીક આવતા ભેટો કેમ ? તેવો સીધો સવાલ પણ ખેડૂતોમાં ચર્ચાઈ રહ્યો છે. જો ખેડૂતોના હિતની ખરેખર ચિંતા હોય તો મોંઘી ભેટો આપવાને બદલે યાર્ડમાં ખેડૂતોને લાંબા ગાળે ઉપયોગી થાય તેવી કાયમી સુવિધાઓ ઊભી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## જિલ્લાનાં મુખ્ય મથકને સ્વચ્છ અને સુંદર બનાવવાનો પ્રયાસ

# ભૈ વાહ : અમરેલીમાં પાલિકા દ્વારા ૧૦૦ દિવસનું વિશેષ સફાઈ અભિયાન શરૂ

**ગુજરાત સરકારનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણનાં માર્ગદર્શન હેઠળ કાર્ય શરૂ**

**પાલિકા દ્વારા ૫૦ સફાઈ કામદારો અને રોડ સ્વીપર મશીન દ્વારા સફાઈ ઝુંબેશ શરૂ**

**વધુ અવરજવર ધરાવતા વ્યાપારી તથા બજાર વિસ્તારોમાં સતત સફાઈ કરાશે**

**૧૦૦ દિવસનાં સફાઈ અભિયાનમાં શહેરીજનોને સહકાર આપવા પાલિકાનો અનુરોધ**







અમરેલી, તા. ૭

પ્રાદેશિક કમિશનર, નગરપાલિકાઓ, ભાવનગર ઝોન હેઠળની અમરેલી નગરપાલિકા ધ્વારા "૧૦૦ દિવસ સફાઈ કેમ્પોન" અંતર્ગત શહેરમાં સ્વચ્છતા અને આરોગ્યપ્રદ વાતાવરણ જળવાઈ રહે તે માટે દૈનિક ધોરણે સઘન સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનાં માર્ગદર્શન હેઠળ Cleanliness Target Unit (CTU) તથા Visible Cleanlinessનાં લક્ષ્યાંકો સિધ્ધ કરવા નગરપાલિકા ધ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં સફાઈ કામગીરી કરવામાં આવી રહી છે. ખાસ કરીને વધુ અવરજવર ધરાવતા વ્યાપારી તથા બજાર વિસ્તારોમાં દિવસ દરમિયાન પણ સતત સફાઈ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે, જેથી જાહેર સ્થળોએ કચરો એકત્રિત ન થાય.

આ અભિયાન અંતર્ગત શહેરનાં મુખ્ય માર્ગો, બજાર વિસ્તારો તથા જાહેર સ્થળોની સફાઈ માટે આશરે ૫૦ જેટલા સફાઈ કર્મચારીઓ તથા રોડ સ્વીપર મશીનની મદદ લેવામાં આવી રહી છે. એકત્રિત કચરાનો યોગ્ય રીતે નિકાલ થાય તે માટે પણ જરૂરી કામગીરી હાથ ધરવામાં આવે છે.

નગરપાલિકા પંત્ર ધ્વારા Visible Cleanliness પર વિશેષ ભાર મૂકીને સફાઈ કામગીરીનું સતત નિરીક્ષણ કરવામાં આવે છે. કચરો એકત્ર થવાની સંભાવના ધરાવતા સ્થળોએ સમયસર સફાઈ કામગીરી હાથ ધરી શહેરની સ્વચ્છતા જાળવવામાં આવી રહી છે.

"૧૦૦ દિવસ કેમ્પેન" ને સફળ બનાવવા નગરપાલિકા ધ્વારા નગરજનોને જાહેર સ્થળોએ કચરો ન ફેંકી, નિયત સ્થળે જ કચરો આપવા તેમજ અમરેલી શહેરને સ્વચ્છ, સુંદર અને આરોગ્યપ્રદ બનાવવાની કામગીરીમાં નગરપાલિકાને સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.

## મોડી રાત્રે સિંહોએ શિકારની મિજબાની માણી

# સાવરકુંડલા : અમરેલી-પિપાવાવ હાઈવે પર ત્રણ સિંહોએ બળદનો શિકાર કર્યો

**વનવિભાગ દ્વારા શિકાર આરોગી રહેલા સિંહો પર સતત વોચ રખાઈ**



તસ્વીર : સુભાષ સોલંકી-આંબરડી

આંબરડી, તા. ૭

અમરેલી-પીપાવાવ હાઈવે ઉપર શનિવારની મોડી રાત્રે આંબરડી ગામના પાટિયા નજીક અચાનક ત્રણ સિંહો આવી ચડયા હતા. શિકારની શોધમાં ચક્કર મારી રહેલા સિંહોએ ચારો કરી રહેલા એક બિન વરસી બળદને ટાર્ગેટ કરી હાઈવે ઉપર જ દબોચી લીધો હતો. ધમધમતા હાઈવે પરથી પસાર થતા વાહન ચાલકોએ સિંહની ચુંગાલમાંથી બળદને બચાવવા હોર્ન વગાડયા હતા. પરંતુ ભૂખ્યા સિંહોએ બળદને રોડની સાઈડમાં ખેંચી લઈ જઈ ત્યાં જ મિજબાની માણી હતી.

૨૦ મિનિટ સુધી ચાલેલા લાઈવ શિકારની ઘટનાને લઈ ઘડીભર માટે ટ્રાફિક સર્જાયો હતો બાદમાં પસાર થતાં વાહન ચાલકોએ પણ સિંહ દર્શનની મજા માણી હતી. હાઈવે ઉપર સિંહોએ શિકાર કરતા ભયનો માહોલ જોવા મળ્યો હતો.

આ અનોખી ઘટનાને લઈ વનવિભાગને જાણ કરાતા મિતિયાળા રેન્જના રાઉન્ડ ફોરેસ્ટ ઓફિસર મકવાણાભાઈ ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી સ્થિતિ ઉપર કાબૂ મેળવ્યો હતો તેમજ મારણ આરોગતા સિંહોને કોઈ ખલેલ ન પહોંચે તેને લઈ વનવિભાગ દ્વારા સતત વોચ રાખી હતી.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo. 94268 31241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત-30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦




હેમરાજ ગાઠીયા હાઉસ
શુધ્ધ સીંગતેલમાં ગરમા-ગરમ વણેલા ગાઠીયા
અમારે ત્યાં સવારે ૭ થી બપોરે ૧ સુધી
દર શનિવારે અને મંગળવારે તાજે-તાજી શુધ્ધ માહી ઘી માં ડ્રાયફ્રુટથી ભરપુર મીઠી ગુંદી મળશે
બપોર પછી ૬ થી ૯ સુધી તમામ ફરસાણ શુધ્ધ સીંગતેલમાં મળશે ૧ કિલોનો ભાવ માત્ર રૂા. ૨૮૦/-માં
સ્થળ : જુના માર્કેટયાર્ડના ગેઇટની સામે, ક્રિષ્ના ડાઈનિંગ હોલની નીચે, અમરેલી
સંપર્ક ભાણાભાઈ મો : ૯૭૩૭૦ ૫૮૧૬૪

સાંભળવાની તકલીફ છે?
- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
સરકારી નોકરીયાત / પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363












### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતના પ્રવાસે આવશે

# વડાપ્રધાન ૩૨,૬૦૬ કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોની ભેટ આપશે

## વડાપ્રધાન મોદી વડોદરાના યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે યોજાનારા કાર્યક્રમમાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ, ખાતમુહૂર્ત અને ફ્લેગ ઓફ કરશે

વડોદરા, તા.૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આ દરમિયાન તેઓ વડોદરાના યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે યોજાનારા કાર્યક્રમમાં રૂ.૩૫,૨૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ, ખાતમુહૂર્ત અને ફ્લેગ ઑફ કરશે. તેમાં રૂ.૩૨,૬૦૬ કરોડથી વધુના કેન્દ્ર સરકારના તથા રૂ.૨,૫૯૭ કરોડથી વધુના રાજ્ય સરકારના વિકાસકાર્યોનો સમાવેશ થાય છે. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહેશે.

વડાપ્રધાનના હસ્તે કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. કેન્દ્ર સરકારના રૂ.૩૨,૬૦૬ કરોડથી વધુના વિકાસકાર્યોમાં નેશનલ હાઈવેઝ ઑથોરિટી ઑફ ઈન્ડિયા (NHAI)ના રૂ.૧,૮૪૦.૫૫ કરોડના પ્રોજેક્ટ્સ સામેલ છે.

NHAI હેઠળ ખાતમુહૂર્ત થનારા પ્રોજેક્ટ્સમાં NH-48ના વડોદરા-સુરત સેક્શનમાં તાપી અને નર્મદા નદી પરના મુખ્ય પુલ સહિતના માળખાંનું રૂ.૯૦૭.૩૯ કરોડના ખર્ચે નિર્માણકાર્ય, કામરેજ-ચલથાણ સેક્શનના છ માર્ગીય કેરેજવેનું રૂ.૬૮૬.૧૫ કરોડનું કામ તથા NH-53 પર આભવા, મીંઢોળા અને ખજોદ જંક્શન ખાતે ગ્રેડ સેપરેટેડ સ્ટ્રક્ચર્સનું રૂ.૧૮૭.૧૧ કરોડના ખર્ચે નિર્માણકાર્યનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, NH-48 પર કંડારી ચોકડી અને લુવારા પાટિયા ખાતે રૂ.૫૯.૯૦ કરોડના ખર્ચે નિર્મિત છ માર્ગીય ફ્લાયઓવરનું લોકાર્પણ કરવામાં આવશે.ભારતીય રેલવે હેઠળ રૂ.૩૦,૭૬૬ કરોડથી વધુના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત થશે. રૂ.૨૦,૭૦૩ કરોડના ખર્ચે વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (WDFC)ના ત્રણ વિભાગો—ન્યૂ સાણંદ (N)—ન્યૂ મકરપુરા (૧૩૮ કિ.મી.), ન્યૂ ઉમરગામ—ન્યૂ સફાળે (૮૬ કિ.મી.) અને ન્યૂ સફાળે—ન્યૂ JNPT (૧૦૨ કિ.મી.)—નું લોકાર્પણ કરવામાં આવશે. સાથે જ, રૂ.૮,૮૮૫ કરોડના ખર્ચે વડોદરા-રતલામ વચ્ચે ૨૫૯ કિ.મી. લાંબા ત્રીજા અને ચોથા રેલવે ટ્રેકના નિર્માણનું ખાતમુહૂર્ત કરવામાં આવશે.આ ઉપરાંત, અન્ય રેલવે લાઈનોના ગેજ કન્વર્ઝન અને ડબલિંગના કામોનું લોકાર્પણ તેમજ વડોદરા-ટાંડા રોડ વચ્ચે નવી ટ્રેન અને WDFC પર માલગાડીનું ફ્લેગ ઑફ પણ કરવામાં આવશે. વડોદરા ખાતે ગુજરાત સરકારના રૂ.૨,૫૯૭ કરોડથી વધુના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ પ્રોજેક્ટ્સમાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ગૃહ વિભાગ, IMD-GIDC, પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ (RDD), પોર્ટ્સ અને ટ્રાન્સપોર્ટ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, શહેરી વિકાસ વિભાગ તથા પાણી પુરવઠા વિભાગ હેઠળના વિવિધ વિકાસકાર્યોનો સમાવેશ થાય છે.

શહેરી વિકાસ વિભાગ હેઠળ ગુજરાતને કુલ રૂ.૯૧૬.૩૮ કરોડના ખર્ચે ૮ જેટલા પ્રોજેક્ટ્સની ભેટ મળશે. તેમાં રૂ.૫૨૩.૫૯ કરોડના ખર્ચે વડોદરા રિંગ રોડના બીજા તબક્કાના નિર્માણનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ ઉપરાંત, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની નવી કચેરીના નિર્માણનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવશે.

વડાપ્રધાન VUDAની હદમાં પૂર્વ વિસ્તારનાં ૧૧ ગામો માટે રૂ.૨૦૩.૭૭ કરોડના ખર્ચે ફિલ્ટર પ્લાન્ટ, પાણીની ટાંકી, પાઈપલાઈન, વિતરણ વ્યવસ્થા, અંડરગ્રાઉન્ડ સમ્પ તથા પમ્પિંગ સ્ટેશન સહિતની વિવિધ માળખાકીય સુવિધાઓનું લોકાર્પણ કરશે. સાથે જ, ભાયલી ટી.પી.-૩ અને ટી.પી.-૪ વિસ્તારોમાં એલિવેટેડ ટાંકી, અંડરગ્રાઉન્ડ સમ્પ, ફીડર લાઈન અને પમ્પિંગ મશીનરી સહિતની સુવિધાઓ, આજવા સરોવર ખાતે ૧૫૦ MLD ક્ષમતાના પોન્ટૂનનું નિર્માણ, વડોદરા શહેરના વિવિધ જંક્શનો ખાતે સ્ટોર્મ વોટર ડ્રેનેજની સુવિધા તથા PMAY હેઠળ EWS આવાસો જેવા વિવિધ વિકાસકાર્યોનું પણ લોકાર્પણ કરવામાં આવશે.ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હેઠળ મહીસાગર જિલ્લાના કડાણા ડેમના જળાશય પર રૂ.૪૮૯.૨૦ કરોડના ખર્ચે ૧૧૦ મેગાવોટ ક્ષમતાના ફ્લોટિંગ સોલાર પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ ઉપરાંત, વડોદરા અને સુરતમાં કુલ રૂ.૯૪.૫૮ કરોડના ટ્રાન્સમિશન સિસ્ટમ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરવામાં આવશે. આ વિકાસકાર્યોના પરિણામે રાજ્યમાં માળખાગત સુવિધાઓને વધુ વેગ મળશે તેમજ નાગરિકોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ બનશે.

પ્રધાનમંત્રી આવાસ યોજના—ગ્રામીણ (PMAY-G) અંતર્ગત સમગ્ર રાજ્યમાં રૂ.૨૩૬.૧૦ કરોડના ખર્ચે નિર્મિત ૧૩,૮૮૮ આવાસોનું લોકાર્પણ પણ કરવામાં આવશે. આ ઉપરાંત, માર્ગ અને મકાન વિભાગ હેઠળ મહીસાગર નદી પર રૂ.૧૫૦ કરોડના ખર્ચે નવા મેજર બ્રિજ, વાત્રક નદી પર રૂ.૭૪.૧૦ કરોડના ખર્ચે મેજર બ્રિજ તથા નડિયાદ-ડાકોર-પાલી માર્ગ પર હાઈ-લેવલ મેજર બ્રિજના નિર્માણનો સમાવેશ થાય છે. વડાપ્રધાન આણંદ ખાતે નવા બસ સ્ટેશનના નિર્માણનું ખાતમુહૂર્ત પણ કરવાના છે. જ્યારે નવસારીના એરુ PHQ ખાતે વિકસાવવામાં આવેલી વિવિધ સુવિધાઓનું લોકાર્પણ કરશે. આ ઉપરાંત, IMD-GIDC હેઠળ બે વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે. તેમાં ઝઘડિયા-કાંટિયાજળ પાઈપલાઈનનું નવીનીકરણ તથા સાવલી GIDCમાં રસ્તાઓને પહોળા કરવા અને રિસરફેસિંગના કામોનો સમાવેશ થાય છે. પાણી પુરવઠા વિભાગ હેઠળ તાપી જિલ્લાના સોનગઢ વિસ્તારમાં રૂ.૨૧૪.૫૨ કરોડના ખર્ચે ત્રણ RWSS પેકેજનું લોકાર્પણ કરવામાં આવશે.

---

### હવે દર મહિને 3KG ની જગ્યાએ મળશે ૧ કિલો ચોખા

# BPL રાશન કાર્ડ ધારકોને ઝટકોઃ ચોખાના ક્વોટામાં ઘટાડો

## ચોખાના ક્વોટામાં ઘટાડો કરી દેવામાં આવ્યો છે : હવે દર મહિને ત્રણની જગ્યાએ માત્ર ૧ કિલો ચોખા મળશે

નવી દિલ્હી, તા.૭

રાજ્યમાં રાશન કાર્ડ ધારકો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. પૂરવઠા વિભાગની નવી જાહેરાતથી બીપીએલ કાર્ડ ધારકોને ઝટકો લાગ્યો છે. ગુજરાતમાં બીપીએલ કાર્ડ ધારકોને હવે મહિનામાં ત્રણ કિલોની જગ્યાએ માત્ર ૧ કિલો ચોખા મળશે. આ પહેલાં ૩ કિલો ચોખા અને બે કિલો ઘઉં આપવાની જાહેરાત થઈ હતી, જેમાં હવે ઘટાડો કરી દેવામાં આવ્યો છે. ગુજરાતમાં BPL રેશન કાર્ડ ધારકો જે દર મહિને સસ્તા અનાજની દુકાનમાંથી રાશન લે છે તેના માટે મોટો નિર્ણય લેવાયો છે. હવે દર મહિને ત્રણ કિલો ચોખાની જગ્યાએ માત્ર એક કિલો ચોખા મળશે. કેન્દ્ર સરકારની સૂચના બાદ એક કિલો ચોખા, બે કિલો ઘઉં અને બે કિલો બાજરી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગે વાત કરતા ફેર પ્રાઈસ શોપ લાઈસન્સ હોલ્ડર એસોસિએશનના પ્રમુખ પ્રહ્લાદ મોદીએ જણાવ્યું કે સરકાર તરફથી યોગ્ય સ્પષ્ટતા ન થતાં ગ્રાહકોની દુકાનદારો સાથે તકરાર થાય છે. તેમણે જણાવ્યું કે અનાજ ન હોય તો એક મહિનો વિતરણ બંધ કરવું જોઈએ.

પૂરવઠા વિભાગ દ્વારા ચોખાના વિતરણમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જ્યારે હવે વ્યક્તિદીઠ બે કિલો બાજરી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ પહેલા એક કિલો બાજરી આપવામાં આવતી હતી, જેને વધારી બે કિલો કરવામાં આવી છે.

---

### ઉત્તર પ્રદેશમાં ૪૦૩ વિધાનસભા બેઠક છે

# યુપી સહિત ૫ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની સંભાવના

## ઉત્તર પ્રદેશ સહિત ૫ રાજ્યોમાં ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીઓ ફેબ્રુઆરી-માર્ચ મહિનામાં યોજાઈ શકે છે

નવી દિલ્હી, તા.૭

આગામી વર્ષે ઉત્તર પ્રદેશ સહિત ૫ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની શક્યતા છે. તેને લઈને અત્યારથી જ પાર્ટીઓએ રાજકીય સમીકરણ સાધવાના શરૂ કરી દીધું છે. આ વચ્ચે હવે ચૂંટણીની તારીખોને લઈને ચિત્ર સ્પષ્ટ થતું દેખાઈ રહ્યું છે. ચાર ચૂંટણી રાજ્યોમાં વસતી ગણતરીની તારીખોને પહેલા કરાવવાના અને મણિપુરમાં તેને ટાળવાના નિર્ણય બાદ એ લગભગ નક્કી માનવામાં આવી રહ્યું છે કે ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, ગોવા અને મણિપુરમાં ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૭માં ચૂંટણીઓ યોજવામાં આવશે. તમને જણાવી દઈએ કે ઉત્તર પ્રદેશમાં ૪૦૩ વિધાનસભા બેઠક છે.તમને જણાવી દઈએ કે, વસતી ગણતરી અને ચૂંટણી બંનેમાં સરકારી કર્મચારીઓ, ખાસ કરીને શિક્ષકોની જ ડ્યૂટી લાગે છે. એવામાં વસતી ગણતરીની તારીખો બદલાવાથી હવે એક મોટો વહીવટી ટકરાવ ટળી ગયો છે. હવે અપેક્ષા કરવામાં આવી રહી છે કે ઉત્તર પ્રદેશ સહિત અન્ય રાજ્યોમાં ફેબ્રુઆરીથી મતદાનના તબક્કા શરૂ થઈ જશે.પાંચેય રાજ્યોમાં સૌથી પહેલા મણિપુર વિધાનસભાનો કાર્યકાળ ૧૩ માર્ચ ૨૦૨૭ના રોજ પૂરો થઈ રહ્યો છે. બીજી તરફ ગોવામાં ૧૪ માર્ચ ૨૦૨૭, પંજાબમાં ૧૬ માર્ચ ૨૦૨૭અને ઉત્તરાખંડમાં ૨૮ માર્ચ ૨૦૨૭ના રોજ મોજૂદા વિધાનસભાનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે. અંતમાં ૨૨ મે ૨૦૨૭ના રોજ ઉત્તર પ્રદેશમાં વિધાનસભાનો કાર્યકાળ પૂરો થશે. જે અન્વયે મણિપુરનો કાર્યકાળ સૌથી પહેલા પૂરો થઈ રહ્યો છે, તેથી ચૂંટણી પંચ ૧૩ માર્ચ પહેલા તમામ પાંચેય રાજ્યોની ચૂંટણીઓ સંપન્ન કરાવવાની તૈયારીમાં છે.

ઉત્તર પ્રદેશ વિધાનસભાનો કાર્યકાળ ૨૨ મે ૨૦૨૭ સુધી છે. એવામાં જો ફેબ્રુઆરી અથવા માર્ચમાં ચૂંટણી થઈ, તો યુપીમાં કાર્યકાળ સમાપ્ત થવાના લગભગ બે મહિના પહેલા જ મતદાન કરી દેવામાં આવશે. ઉત્તર પ્રદેશમાં ૪૦૩ વિધાનસભા બેઠક છે.

તમને જણાવી દઈએ કે, નિયમ પ્રમાણે ચૂંટણી પંચ કાર્યકાળ પૂરો થવાના ૬ મહિના પહેલા સુધી ગમે ત્યારે ચૂંટણી કરાવી શકે છે.આ પહેલા એ માહિતી સામે આવી છે કે ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ અને ગોવામાં વસતી ગણતરીનું કામ ૧ ડિસેમ્બર ૨૦૨૬થી ૪ જાન્યુઆરી ૨૦૨૭વચ્ચે પૂરૂં કરી લેવામાં આવશે. ત્રણ રાજ્યોમાં SIRનું કામ પૂરૂં થઈ ચૂક્યું છે, પરંતુ બાકીના બે રાજ્યોમાં આ જારી છે. જણાવી દઈએ કે જૈઈં પછી યુપીમાં મતદારોની સંખ્યા ઘટીને ૧૩.૪ કરોડ, ગોવામાં ૧૦.૬ લાખ અને મણિપુરમાં ૧૯.૩ લાખ રહી ગઈ છે. પંજાબ અને ઉત્તરાખંડની અંતિમ વોટર લિસ્ટ પણ ટૂંક સમયમાં જારી કરી દેવામાં આવશે.

---

### નંદીગ્રામ બેઠક પરથી શું મમતા બેનર્જી ફરી ચૂંટણી લડશે?

# ભારતીય ચૂંટણી પંચ દ્વારા ૬ પેટાચૂંટણીની સત્તાવાર જાહેરાત

## દેશના ચાર રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં ખાલી પડેલી ૬ મહત્વપૂર્ણ બેઠકો માટે પેટાચૂંટણીની જાહેરાત

નવી દિલ્હી, તા.૭

ભારતીય ચૂંટણી પંચ દ્વારા દેશના ચાર રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં ખાલી પડેલી ૬ મહત્વપૂર્ણ બેઠકો માટે પેટાચૂંટણીની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.

આ ચૂંટણીમાં આસામની નાગાંવ લોકસભા બેઠક ઉપરાંત પાંચ અલગ-અલગ વિધાનસભા બેઠકોનો સમાવેશ થાય છે. ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર ચૂંટણી કાર્યક્રમ અનુસાર, તમામ ૬ બેઠકો પર આગામી ૬ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, જ્યારે ૯ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ મતગણતરી પૂર્ણ કરી પરિણામો જાહેર કરવામાં આવશે. સંબંધિત જનપ્રતિનિધિઓ, ધારાસભ્યો અને સાંસદોના રાજીનામાને કારણે આ બેઠકો ખાલી પડી હતી, જેના પગલે હવે ત્યાં પેટાચૂંટણી યોજાઈ રહી છે.

આ પેટાચૂંટણીમાં સૌથી મોટો રાજકીય ગરમાવો પશ્ચિમ બંગાળની હાઈ-પ્રોફાઈલ નંદીગ્રામ વિધાનસભા બેઠકને લઈને જોવા મળી રહ્યો છે. વર્ષ ૨૦૨૧ ની સામાન્ય ચૂંટણીમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી આ બેઠક પર ભાજપના નેતા સુવેન્દુ અધિકારી સામે પરાજિત થયા હતા. ત્યારબાદ ૨૦૨૬ ની સામાન્ય વિધાનસભા ચૂંટણીમાં સુવેન્દુ અધિકારી ભવાનીપુર અને નંદીગ્રામ એમ બે બેઠકો પરથી ચૂંટણી લડ્યા હતા અને બંને બેઠકો પર તેમણે ભવ્ય વિજય મેળવ્યો હતો. જોકે, બે બેઠકો જીત્યા બાદ તેમણે પોતાની પરંપરાગત નંદીગ્રામ બેઠક પરથી રાજીનામું આપવાનો નિર્ણય કર્યો હતો. હવે નંદીગ્રામ બેઠક ખાલી પડતાં જ રાજ્યના રાજકારણમાં સૌથી મોટો પ્રશ્ન એ ચર્ચાઈ રહ્યો છે કે શું મુખ્યમંત્રી મમતા બેનર્જી પોતાના જૂના પરાજયનો બદલો લેવા માટે ફરીથી નંદીગ્રામના ચૂંટણી મેદાનમાં ઝંપલાવશે.

આ ઉપરાંત, પશ્ચિમ બંગાળની રેજીનગર વિધાનસભા બેઠક પર પણ પેટાચૂંટણી યોજાઈ રહી છે. રેજીનગરથી ચૂંટાયેલા હુમાયુ કબીરે નાઓડા બેઠક પરથી પણ વિજય મેળવ્યો હતો, જેથી તેમણે પાછળથી રેજીનગર બેઠક પરથી રાજીનામું આપતાં આ પેટાચૂંટણી આવી પડી છે. આસામની નાગાંવ સંસદીય બેઠકની વાત કરીએ તો, પૂર્વ સાંસદ પ્રદ્યુત બોરદોલોઈએ વિધાનસભા ચૂંટણી પહેલાં કોંગ્રેસ પક્ષમાંથી છેડો ફાડી ભાજપમાં પ્રવેશ કર્યો હતો અને સાંસદ પદેથી રાજીનામું આપ્યું હતું, જેના લીધે આ લોકસભા બેઠક પર પેટાચૂંટણી જાહેર કરાઈ છે. દક્ષિણ ભારતમાં તમિલનાડુ રાજ્યની મદુરંતકમ બેઠકના ધારાસભ્ય મરાગથમ કુમારવેલ અને ધારાપુરમ બેઠકના ધારાસભ્ય પી. સત્યભામાના રાજીનામાને કારણે ત્યાં ચૂંટણી યોજાશે. કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં થટ્ટનચાવડી બેઠકના ધારાસભ્ય એન. રંગાસામીએ પદ છોડતાં ચૂંટણી પંચે આ બેઠક માટે પણ ચૂંટણી કાર્યક્રમ જાહેર કર્યો છે.

પેટાચૂંટણીનું સંપૂર્ણ સમયપત્રકઃ

ચૂંટણી જાહેરનામું બહાર પાડવાની તારીખઃ ૯ સપ્ટેમ્બર, ૨૦૨૬

ઉમેદવારી પત્ર ભરવાની અંતિમ તારીખઃ ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬

ઉમેદવારી પત્રોની ચકાસણીઃ ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬

ઉમેદવારી પત્ર પાછું ખેંચવાની છેલ્લી તારીખઃ ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬

મતદાનની તારીખઃ ૬ ઓક્ટોબર, ૨૦૨૬

મતગણતરીની તારીખઃ ૯ ઓક્ટોબર, ૨૦૨૬

ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવાની અંતિમ તારીખઃ ૧૧ ઓક્ટોબર, ૨૦૨૬

---

### ૪૫ દિવસવાળી ઝંઝટ ખતમ

# LPG સિલિન્ડરના રિફિલ બુકિંગની મુદતમાં મોટો ઘટાડો

## હવે ગ્રામીણ વિસ્તારોમાં રિફિલ બુકિંગની મુદત ૪૫ દિવસથી ઘટાડીને ૨૫ દિવસ કરવામાં આવી છે

નવી દિલ્હી, તા.૭

ઈરાન-અમેરિકા વચ્ચે ખાડી યુદ્ધ અને હોર્મુઝ સંકટના કારણે અટકેલા ગેસ પુરવઠાને પગલે સરકારે ગેસ સિલિન્ડર સંબંધિત ઘણા નિયમો બદલી નાખ્યા હતા. સિલિન્ડરની કિંમતથી લઈને બુકિંગ સુધી અનેક ફેરફારો થયા હતા. હવે કેન્દ્ર સરકારે ફરી એકવાર LPG સિલિન્ડર સંબંધિત નિયમોમાં મોટો ફેરફાર કર્યો છે. સરકારે સિલિન્ડર રિફિલિંગની મુદત ફરીથી ૪૫ દિવસથી ઘટાડીને ૨૫ દિવસ કરી દીધી છે. કેન્દ્ર સરકાર દ્વારા LPG રિફિલ બુકિંગનો સમયગાળો ૪૫ દિવસથી ઘટાડીને ૨૫ દિવસ કરી દેવામાં આવ્યો છે. આ ફેરફાર ગ્રામીણ વિસ્તારો માટે કરવામાં આવ્યો છે. કેન્દ્રીય પેટ્રોલિયમ, કુદરતી ગેસ અને પ્રવાસન રાજ્ય મંત્રી સુરેશ ગોપીએ આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs)ને આ ફેરફાર તાત્કાલિક લાગુ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારના આ નિર્ણય બાદ હવે શહેરોની જેમ ગામડાઓમાં પણ સિલિન્ડર રિફિલ બુકિંગની મુદત ૨૫ દિવસની રહેશે. એટલે કે એક બુકિંગ પછી બીજી બુકિંગ વચ્ચે ૨૫ દિવસનું અંતર હોવું જોઈએ. ખાડી યુદ્ધના કારણે સરકારને ગામડાઓ માટે સિલિન્ડર રિફિલિંગની મુદત વધારીને ૪૫ દિવસ કરવી પડી હતી. મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા સંઘર્ષ બાદ LPG સપ્લાય પર દબાણ હતું. ધીમે ધીમે પુરવઠાની સ્થિતિ સુધર્યા બાદ સરકાર સામાન્ય જનતાને રાહત આપી રહી છે.ભારત પોતાની ઊર્જા જરૂરિયાતો માટે આયાત પર નિર્ભર રહે છે. ભારત પોતાની જરૂરિયાતનો ૬૦ ટકા હિસ્સો આયાત કરે છે. આયાત સંકટના કારણે કૂડ કંપનીઓ દ્વારા સિલિન્ડરના ભાવ પણ વધારવામાં આવ્યા હતા અને બુકિંગના નિયમો પણ બદલવામાં આવ્યા હતા. જો કે, સ્થિતિ સુધારા પર આવ્યા બાદ છેલ્લા બે મહિનામાં બીજી વખત કોમર્શિયલ સિલિન્ડરની કિંમતોમાં ઘટાડો થયો છે. સપ્ટેમ્બરમાં ૧૯ કિલોવાળા સિલિન્ડરની કિંમતમાં ૯.૫૦થી ૧૧.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો. આ પહેલા ઑગસ્ટમાં ૧૯૨ રૂપિયાથી લઈને ૨૦૯ રૂપિયા સુધી અને જુલાઈમાં ૧૮૩ રૂપિયા ભાવ ઘટાડવામાં આવ્યા હતા.

---

### સંસ્થાએ કરી મોટી સ્પષ્ટતા

# ISRO નું ખાનગીકરણ નહીં થાય, હવે નવા અને ખાસ મિશન પર રહેશે ધ્યાન

## ISRO એ ખાનગીકરણના આક્ષેપો અંગે સ્પષ્ટતા કરી આમાં જણાવાયું છે કે, આ અહેવાલો પાયાવિહોણા છે

નવી દિલ્હી, તા.૭

ISRO એ તાજેતરમાં ખાનગીકરણના આક્ષેપો અંગે સ્પષ્ટતા કરી છે. આમાં જણાવાયું છે કે, આ અહેવાલો પાયાવિહોણા છે. ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO) એ ભારપૂર્વક કહ્યું છે કે, તેને ન તો ખાનગીકરણ કરવામાં આવશે અને ન તો તેનું મહત્વ ઘટાડવામાં આવશે.

આ સ્પષ્ટતા ISRO ના કર્મચારી સંગઠનોમાં ખાનગી કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સની અવકાશ ક્ષેત્રમાં વધતી ભાગીદારી અંગેની ચિંતાઓ વચ્ચે આવી છે. ૪ સપ્ટેમ્બરના રોજ નવ કર્મચારી સંગઠને ISRO ના અધ્યક્ષ વી. નારાયણન સમક્ષ એજન્સીની ભવિષ્યની ભૂમિકા અંગે સ્પષ્ટતા માંગી હતી.ISRO નું કહેવું છે કે, ખાનગી ક્ષેત્રની ભાગીદારીનો અર્થ ઈસરોની ભૂમિકા ઘટાડવાનો નથી પરંતુ ભારતના એકંદર અવકાશ ઈકોસિસ્ટમને વધુ મોટું અને મજબૂત બનાવવાનો છે. હવે પરિપક્વ તકનીકોનું ઉત્પાદન અને વિસ્તરણ ઉદ્યોગ તેમજ PSU દ્વારા કરી શકાય છે.

ISRO અદ્યતન સંશોધન, આગામી પેઢીની પ્રક્ષેપણ પ્રણાલીઓ, માનવસહિત અવકાશ મિશન, ઊંડા અવકાશ મિશન અને વ્યૂહાત્મક ક્ષમતાઓ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરશે. આ ખરેખર ISRO નું ખાનગીકરણ નથી પરંતુ ભારતના અવકાશ ક્ષેત્ર માટે એક મોટો પરિવર્તન છે.

---

### ઢોર માર મારીને હત્યાઃ ૬ની અટકાયત

# દિલ્હીમાં ઘોંઘાટનો વિરોધ કરનારા નિવૃત્ત ટીચરની હત્યા

## ઘર બહાર થતા ઘોંઘાટનો વિરોધ કરવા જતાં ૬ ડિલિવરી બોય અને ઢાબાના કર્મચારીઓએ તેમને ઢોર માર માર્યો

નવી દિલ્હી, તા.૭

દિલ્હીના કિલોકરી ગામમાં એક અત્યંત શરમજનક અને હૃદય કંપાવનારી ઘટના સામે આવી છે. ઘરની બહાર થઈ રહેલા ઘોંઘાટ અને અશાંતિનો વિરોધ કરવા બદલ મણિપુરના ૫૪ વર્ષીય નિવૃત્ત સંગીતકાર અને મ્યુઝિક ટીચર ચોંગથમ વિક્રમ સિંહની ઢોર માર મારીને કરપીણ હત્યા કરાતા હોબાળો મચી ગયો છે. નોર્થ ઈસ્ટના લોકોએ આ ઘટનાને વંશીય હુમલો ગણાવીને ગુનેગારોને આકરામાં આકરી સજા કરવાની માંગ કરી છે.

આ ઘટના ૭ સપ્ટેમ્બરના રોજ બની હતી. દિલ્હી પોલીસના જણાવ્યાનુસાર, સનલાઈટ કોલોની પોલીસ સ્ટેશનને એક વ્યક્તિ સાથે મારપીટ થઈ હોવા અંગેનોૅ ઝઈ કૉલ મળ્યો હતો. માહિતિ મળતા જ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું કે, કિલોકરી ગામમાં રહેતા ચોંગથામ વિક્રમ સિંહ નિવૃત્ત સંગીતકાર હતા. તેમના ઘરની સામે કેટલાક ડિલિવરી બોય અને ઢાબાના કર્મચારીઓ ઘોંઘાટ અને હંગામો કરી રહ્યા હતા.

આ દરમિયાન તેઓ લોકોને ઘોંઘાટ બંધ કરવાનું કહેવા ઘર નીચે આવ્યા અને તેમણે ત્યાં હાજર લોકોને શાંત રહેવાની વિનંતી કરી. આ અંગે બોલાચાલી વધતાં વિવાદ ઉગ્ર બન્યો હતો. આ દરમિયાન આરોપી તેમના પર રીતસરના તૂટી પડ્યા. છ લોકોએ ભેગા થઈને તેમને મુક્કા, લાતો મારી, જેમાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા ચોંગથામ વિક્રમ સિંહને તેમનો પુત્ર યાઈફાબા સારવાર અર્થે દિલ્હીની હોલી ફેમિલી હોસ્પિટલ લઈ ગયો હતો. જો કે, હોસ્પિટલમાં સારવાર દરમિયાન જ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. આ ઘટના બાદ પોલીસે હત્યાની વિવિધ કલમો હેઠળ પોલીસ ફરિયાદ નોંધી છે. પોલીસના જણાવ્યા મુજબ, આ ઘટનામાં સંડોવાયેલા ૬ આરોપીની અટકાયત કરાઈ છે, જેમાં કેટલાક સગીરો પણ છે. સગીર આરોપીઓ સામે કાયદા મુજબ આગળની કાયદાકીય કાર્યવાહી હાથ ધરાઈ રહી છે.નોંધનીય છેકે, આ સમગ્ર ઘટનાક્રમની પોલીસ ઝીણવટભરી તપાસ કરી રહી છે. વિવાદની શરૂઆત કઈ રીતે થઈ, હુમલામાં કુલ કેટલા લોકો સામેલ હતા અને કયા આરોપીની શું ભૂમિકા હતી તેની માહિતી મેળવાઈ રહી છે. આ ઉપરાંત આસપાસના લોકોના નિવેદનો પણ નોંધવામાં આવી રહ્યા છે. પોલીસે સ્પષ્ટ કર્યું છે કે તપાસમાં જે પણ તથ્યો સામે આવશે તેના આધારે આગળની કડક કાયદાકીય કાર્યવાહી કરાશે.

---

### માનવાધિકાર પંચે વળતર ચૂકવવા આપ્યો આદેશ

# કન્ફર્મ ટિકિટ હોવા છતાં એકલી મુસાફરી કરતી મહિલાને અડધી રાત્રે ટ્રેનમાંથી ઉતારી દીધી

## કેસ દાખલ થતાં મહિલાની સરકારી કોન્ટ્રાક્ટની નોકરી છૂટી ગઈ હતી : રેલવેને દોષિત ઠેરવી પીડિતાને વળતર ચૂકવવાનો આદેશ

નવી દિલ્હી, તા.૭

રેલવે કર્મચારીની એક ગંભીર ભૂલના લીધે ટ્રેનમાં એકલી મુસાફરી કરી રહેલી મહિલાને અડધી રાત્રે એક્સપ્રેસ ટ્રેનમાંથી નીચે ઉતારી દેવામાં આવી હતી. આટલું જ નહીં, રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) એ મહિલાની ધરપકડ કરી ગુનો પણ દાખલ કર્યો હતો. કેસ નોંધાતાની સાથે જ મહિલાએ પોતાની નોકરી ગુમાવવી પડી હતી. આખરે મામલો માનવાધિકાર પંચ સમક્ષ પહોંચ્યો, જ્યાં પંચે રેલવે પ્રશાસનને સખત ફટકાર લગાવી છે.રેલવે ચૂકવશે બે લાખનું વળતરઃ કેરળ રાજ્ય માનવાધિકાર પંચના અધ્યક્ષ જસ્ટિસ એલેકઝાન્ડર થોમસે આ મામલે સુનાવણી હાથ ધરી હતી. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ પંચે ભારતીય રેલવેને આદેશ આપ્યો છે કે તે પીડિત મહિલા મુસાફરને ?૨ લાખનું વળતર ચૂકવે. આ ઉપરાંત પંચે સ્પષ્ટ કર્યું છે કે જો છ સપ્તાહની અંદર આ રકમ ચૂકવવામાં નહીં આવે, તો રેલવેએ ૮ ટકા વાર્ષિક વ્યાજ સાથે નાણાં ચૂકવવા પડશે.

શું હતી સમગ્ર ઘટના? કેરળના ત્રિશૂર જિલ્લાના એરુમાપેટ્ટીની રહેવાસી કે. જયસ્મિતાએ ૩૦ જુલાઈ ૨૦૨૩ ના રોજ વડક્કનચેરીથી ત્રિવેન્દ્રમ જવા માટે મંગલુરુ સેન્ટ્રલ-ત્રિવેન્દ્રમ સેન્ટ્રલ એક્સપ્રેસ (૧૬૩૪૮) માં રેલવે રિઝર્વેશન કાઉન્ટર પરથી ટિકિટ કઢાવી હતી. તેમને કોચ જી૪ માં બર્થ નંબર ૪૧ કન્ફર્મ મળ્યો હતો. રાત્રે નવ વાગ્યા પછી ટ્રેન સ્ટેશને આવી અને જ્યારે તેઓ પોતાની સીટ પર પહોંચ્યા ત્યારે ત્યાં અન્ય પેસેન્જર બેઠેલો જોવા મળ્યો હતો. જ્યારે તેમણે ટીટીઈ (TTE) ને સીટ અપાવવા કહ્યું, ત્યારે ટીટીઈએ જણાવ્યું કે 'અસલી મુસાફર આ જ છે, તમારી ટિકિટ ઓનલાઈન કેન્સલ થઈ ચૂકી છે.' આ સાંભળી મહિલાએ સ્પષ્ટતા કરી કે તેમણે તો સ્ટેશન કાઉન્ટર પરથી રોકડ આપીને ટિકિટ લીધી છે અને ક્યારેય કેન્સલ કરાવી નથી, તો આવું કેવી રીતે બને? અડધી રાત્રે ટ્રેનમાંથી ઉતારી દીધીઃ ટીટીઈ સાથે દલીલોમાં આશરે બે કલાકનો સમય વીતી ગયો. આ દરમિયાન ટીટીઈએ કહ્યું કે જો બીજી સીટ જોઈતી હોય તો રૂપિયા ૫૦૦ નો દંડ ભરવો પડશે. મહિલા પાસે તે સમયે આટલી રકમ નહોતી. ત્યારબાદ રાત્રે આશરે ૧૧ વાગ્યે અલુવા રેલવે સ્ટેશન પર મહિલાને બળજબરીપૂર્વક ઉતારી દેવામાં આવી અને આરપીએફને સોંપી દેવાઈ. આરપીએફ દ્વારા મહિલાની ધરપકડ કરવામાં આવી અને બાદમાં કેસ નોંધીને જામીન પર મુક્ત કરવામાં આવી હતી.

તપાસમાં બહાર આવી રેલવેની ભૂલઃ મામલાની તપાસ રેલવેના ડીઆરએમ (DRM) દ્વારા કરવામાં આવી ત્યારે સત્ય સામે આવ્યું. ટિકિટ પર જે મોબાઈલ નંબર પ્રિન્ટ થયો હતો તે નંબર પરથી જ ટિકિટ ઓનલાઈન રદ કરાઈ હતી.

વાસ્તવમાં મહિલાએ રિઝર્વેશન ફોર્મમાં પોતાનો સાચો નંબર લખ્યો હતો, પરંતુ રેલવે બુકિંગ ક્લાર્કે સિસ્ટમમાં ભૂલથી ખોટો નંબર એન્ટર કરી દીધો હતો. ટિકિટ બુક થતાં જ જે અજાણ્યા વ્યક્તિને મેસેજ ગયો, તેણે તે ટિકિટ રદ કરાવી દીધી હતી. મહિલાની નોકરી છૂટી ગઈઃ રેલવેએ આંતરિક તપાસ બાદ ભૂલ સ્વીકારી કેસ પરત ખેંચી લીધો હતો, પરંતુ પોલીસ ફરિયાદ નોંધાઈ જવાના કારણે મહિલાની નોકરી જતી રહી હતી. તે એક સરકારી વિભાગમાં કોન્ટ્રાક્ટ બેઝ પર ફરજ બજાવતી હતી.માનવાધિકાર પંચનો આદેશઃ અન્યાય સામે પીડિતાએ માનવાધિકાર પંચના દ્વાર ખખડાવ્યા હતા.

જસ્ટિસ થોમસે નોંધ્યું કે કન્ફર્મ ટિકિટ ધરાવતી એકલી મહિલાને અડધી રાત્રે ટ્રેનમાંથી ઉતારી દેવી એ રેલવે એક્ટની કલમ ૧૩૭ અને ૧૩૯ નું ઉલ્લંઘન છે, સાથે જ મહિલાના સન્માનપૂર્વક જીવવાના મૂળભૂત અધિકારનું પણ હનન છે.

# બાબરા : શહેર ભાજપ મહામંત્રી તરીકે ધર્મેશ વાવડીયાની વરણી કરાઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા શહેર ભાજપ સંગઠનમાં મહત્વપૂર્ણ રાજકીય નિમણૂક થતાં ભાજપના કાર્યકરોમાં નવી ઉર્જાનો સંચાર થયો છે. બાબરા નગરપાલિકાના પૂર્વ સભ્ય, શહેર ખોડલધામના પ્રમુખ તથા પટેલ સમાજના યુવા અગ્રણી ધર્મેશભાઈ વાવડીયાની બાબરા શહેર ભાજપના મહામંત્રી તરીકે નિયુક્તિ થતાં શહેર અને તાલુકા ભાજપના આગેવાનો તથા કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી દ્વારા કરવામાં આવેલી આ નિમણૂકને ભાજપ પરિવાર દ્વારા આવકારી ધર્મેશભાઈ વાવડીયાનું ભવ્ય સન્માન કરવામાં આવ્યુંહતું. બાબરા તાલુકા પંચાયત કચેરી ખાતે નવ નિયુક્ત શહેર ભાજપ મહામંત્રી ધર્મેશભાઈ વાવડીયાના આવકાર– સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા ભાજપ કિસાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા,શહેર ભાજપ પ્રમુખ કલ્પેશભાઈ ખખ્ખર, શહેર ભાજપ મહામંત્રી રમેશભાઈ સાંગડિયા, નગરપાલિકા પ્રમુખ રમેશભાઈ પરવાડીયા, ઉપ પ્રમુખ યગ્નેશભાઈ શુકલ, તાલુકા પંચાયત સભ્ય અજીતભાઈ ખોખરીયા, શહેર ભાજપના વડીલ અગ્રણી ભુપતભાઈ બસિયા, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન કિરીટભાઈ બગડા, જિલ્લા યુવા ભાજપના ઉપ પ્રમુખ રણમલભાઈ કોઠીવાળ, શહેર ભાજપ બક્ષીપંચ મોરચાના મહામંત્રી કલ્પેશભાઈ ભુવા, યુવા ભાજપ મહામંત્રી સાગરભાઈ સાવલીયા, મહેશભાઈ હેરમાં, મહેશભાઈ ચૌહાણ, સરપંચ સુરજિતભાઈ ડેર, કિશોરભાઈ મકવાણા, ભુપતભાઈ ખાચર, કરીમભાઈ કોટડીયા, સહિત શહેર અને તાલુકા ભાજપના આગેવાનો, હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત આગેવાનોએ ધર્મેશભાઈ વાવડીયાને પુષ્પગુચ્છ અર્પણ કરી અભિનંદન પાઠવ્યા હતા અને નવી જવાબદારી માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. ધર્મેશભાઈ વાવડીયા લાંબા સમયથી સામાજિક તેમજ જાહેર જીવનમાં સક્રિય રહી યુવાનો અને સમાજના વિવિધ વર્ગો સાથે સતત જોડાયેલારહ્યા છે. નગરપાલિકાના પૂર્વ સભ્ય તરીકેનો અનુભવ, ખોડલધામ સાથેનું સંગઠનાત્મક જોડાણ તેમજ પટેલ સમાજમાં યુવા આગેવાન તરીકેની સક્રિયતાને ધ્યાનમાં લેતા ભાજપ સંગઠન દ્વારા તેમને શહેર ભાજપમાં મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. આ નિમણૂકને બાબરા શહેર ભાજપમાં સંગઠનને વધુ મજબૂત બનાવવા અને આગામી સમયમાં પક્ષની રાજકીય તથા સંગઠનાત્મક કામગીરીને વેગ આપવા માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. ખાસ કરીને યુવા કાર્યકરોને સંગઠન સાથે વધુ મજબૂતીથી જોડવા, જનસંપર્ક વધારવા અને પક્ષના કાર્યક્રમોને છેવાડાના કાર્યકર સુધી પહોંચાડવામાં ધર્મેશભાઈ વાવડીયાની ભૂમિકા મહત્વપૂર્ણ બની રહેશે તેવો વિશ્વાસ ભાજપના અગ્રણીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ માં શહેર ભાજપ પ્રમુખ કલ્પેશભાઈ ખખ્ખર દ્વારા જણાવ્યું હતું કે પક્ષ સંગઠનમાં જવાબદારી માત્ર હોદ્દો નથી પરંતુ કાર્યકરો અને જનતા વચ્ચે રહીને પક્ષની વિચારધારાને વધુ મજબૂત કરવાની જવાબદારી છે. ધર્મેશભાઈ વાવડીયા સંગઠન સાથેના પોતાના અનુભવ અને જનસંપર્કના માધ્યમથી બાબરા શહેર ભાજપને નવી દિશા અને નવી ગતિ આપશે તેવી અપેક્ષા વ્યક્ત હતી. નવ નિયુક્ત શહેર ભાજપ મહામંત્રી ધર્મેશભાઈ વાવડીયાએ આ સન્માન બદલભાજપના તમામ આગેવાનો અને કાર્યકરોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરી જણાવ્યું હતું કે, પક્ષે સોંપેલી જવાબદારીને નિષ્ઠા, સમર્પણ અને સંગઠનના તમામ કાર્યકરોના સહયોગથી નિભાવવામાં કોઈ કસર છોડવામાં આવશે નહીં. બાબરા શહેરમાં ભાજપ સંગઠનને વધુ મજબૂત અને સક્રિય બનાવવા સૌ સાથે મળીને કામગીરી કરવામાં આવશે તેમ તેમણે જણાવ્યું હતું. તેમને અંતમાં જિલ્લા ભાજપ પ્રમુખ સંગઠન પ્રભારી અને ધારાસભ્ય તેમજ સાંસદનો આભાર વ્યક્ત કર્યો હતો.

### ધાર્મિક માહોલ વચ્ચે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી

## કોટડાપીઠા ખાતે શ્રી રામજી મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે શોભાયાત્રા યોજાઈ



તસ્વીર : ભરત મહેતા –કોટડાપીઠા

કોટડાપીઠા, તા. ૭

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે અયોધ્યાપતિ પ્રભુ શ્રી રામજીની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ભવ્ય અને દિવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામ સમસ્તના સહકાર, શ્રદ્ધા અને સંકલ્પથી નિર્માણ પામેલા નૂતન શ્રી રામજી મંદિર ખાતે યોજાયેલા આ ધાર્મિક મહોત્સવને લઈને સમગ્ર ગામમાં અનેરો ઉત્સાહ અને ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો.

પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના ભાગરૂપે કોટડાપીઠા ગામમાં નીકળેલી ભવ્યશોભાયાત્રામાં મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉમંગભેર જોડાઈ પ્રભુ શ્રી રામ પ્રત્યેની પોતાની આસ્થા વ્યક્ત કરી હતી. શોભાયાત્રા દરમિયાન સમગ્ર ગામ જય શ્રી રામના જયઘોષથી ગુંજી ઉઠયું હતું, જેના કારણે વાતાવરણ રામમય બની ગયું હતું.

આ પ્રસંગે બાબરા તાલુકા પંચાયતના પ્રમુખ તુષારભાઈ રામાણી સહિત વિવિધ આગેવાનો, ગ્રામજનો, યુવાનો, મહિલાઓ અને બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભક્તોએ શોભાયાત્રામાં જોડાઈ પ્રભુ શ્રી રામના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. કોટડાપીઠા ગામે ગામ સમસ્તના સહકાર અને સહયોગથી પ્રભુ શ્રી રામજીનું ભવ્ય અને દિવ્ય નૂતન મંદિર નિર્માણ પામ્યું છે. મંદિર નિર્માણમાં ગ્રામજનોની શ્રદ્ધા, એકતા અને સામૂહિક ભાવનાનું સુંદર પ્રતિબિંબ જોવા મળે છે. લાંબા સમયથી સેવાતી ભાવનાને સાકાર કરતાં નૂતન મંદિરનું નિર્માણ થતાં સમગ્ર ગામમાં આનંદની લાગણી પ્રસરી છે. પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને મંદિર પરિસર સહિત સમગ્ર ગામને સુંદર રીતે શણગારવામાં આવ્યું હતું. ધાર્મિક મંત્રોચ્ચાર, ભજન–કીર્તન અને 'જય શ્રી રામના નાદ વચ્ચે ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. ગ્રામજનોએ આ ઐતિહાસિક અને પાવન પ્રસંગને ઉત્સાહપૂર્વક ઉજવી પ્રભુ શ્રી રામના ચરણોમાંશ્રદ્ધા અને ભક્તિ અર્પણ કરી હતી.

## નાના લીલીયા ખાતે કૃષ્ણ જન્મોત્સવની ભવ્ય ઉજવણી



લીલીયા મોટા, તા.૭

લીલીયા તાલુકાના નાના લીલીયા ગામે શ્રી કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે ભક્તિ અને ઉત્સાહભેર ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ગામમાં શ્રી કૃષ્ણ જન્મોત્સવની શોભાયાત્રા ધામધૂમપૂર્વક નીકળી હતી, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને ગ્રામજનોએ જોડાઈને જન્મોત્સવની ઉજવણી કરી હતી. શોભાયાત્રા જયારે ગામમાં આવેલી અશરફ મિયા બાપુની દરગાહ ખાતે પહોંચી ત્યારે એક અનોખું અને હૃદયસ્પર્શી દશ્ય જોવા મળ્યું હતું. દરગાહ પરિવાર દ્વારા શોભાયાત્રાનું ભાવભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ યાત્રામાં જોડાયેલા ભક્તો અને ગ્રામજનો માટે ચા–પાણીની વ્યવસ્થા કરી સેવાભાવનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડવામાં આવ્યું હતું. કૃષ્ણ જન્મોત્સવની શોભાયાત્રામાં દરગાહ પરિવાર દ્વારા કરવામાં આવેલી આ સેવાએ નાના લીલીયા ગામની ગંગા – જમુની તહઝીબ અને કોમી એકતાની પરંપરાને વધુ મજબૂત બનાવી હતી. એક તરફ ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવની ભક્તિ અને બીજી તરફ દરગાહ પરિવારનો સેવાભાવઓ બંનેના સંગમથી સમગ્ર ગામમાં ભાઈચારો, સૌહાર્દ અને માનવતાનો સુંદર સંદેશ પ્રસર્યો હતો. ધર્મ અને સંપ્રદાયની સીમાઓથી ઉપર ઉઠીને એકબીજાના તહેવારોમાં સહભાગી બની પ્રેમ અને ભાઈચારાની ભાવના વ્યક્ત કરતું નાના લીલીયાનું આ દશ્ય 'એકતા અને અખંડિતતામાં જ સમાજની સાચી તાકાત છે. તેનો જીવંત સંદેશ આપતું બન્યું હતું. નાના લીલીયામાં કૃષ્ણ જન્મોત્સવની આ ઉજવણી માત્ર ધાર્મિક ઉત્સવ પૂરતી સીમિત ન રહેતા કોમી એકતા અને સામાજિક સૌહાર્દની અનોખી મિસાલ બની રહી હતી. આ તકે તાલુકા પંચાયત સદસ્ય રણજીતભાઈ ખુમાણ, કલ્યાણભાઈ સોજીત્રા, રાજનભાઈ ધાનાણી, ભગવાનભાઈ માલવિયા, મંદિરના પૂજારી ભક્તિ રામ બાપુ, જયદીપભાઈ ખુમાણ લાલાભાઈ, ભાવેશ ભરવાડ, જયદીપ સલખણા તેમજ દરગાહ પરિવારમાંથી મમદુબાપુ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## અમરેલી : કેવીકે ખાતે ટેકનોલોજી સપ્તાહનો શુભારંભ



અમરેલી, તા. ૭

દર વર્ષે સપ્ટેમ્બર માસ દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, અમરેલી ખાતે "ટેકનોલોજી સપ્તાહ'' ની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ તા. ૭ સપ્ટેમ્બરથી ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન ડો. મિનાક્ષી કે. બારીયાના માર્ગદર્શન હેઠળ ટેકનોલોજી સપ્તાહ– ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ખેડૂતોને આધુનિક કૃષિ અને પશુપાલન ટેકનોલોજી તેમજ વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓ અંગે માહિતગાર કરવાનો છે.કાર્યક્રમનું ઉદઘાટન જુનાગઢ કૃષિ યુનિવર્સિટીનાં વિસ્તરણ શિક્ષણ નિયામક ડો.એન.બી. જાદવના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કૃષિ સંશોધન કેન્દ્ર, અમરેલીનાં સંશોધન વૈજ્ઞાનિક ડો.વી.એન. ગોહિલ, જિલ્લા ખેતીવાડી અધિકારી જે.કે. કાનાણી, નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) ભાવેશ પીપળીયા, ગુજરાત પ્રાકૃતિક કૃષિ મહાવિદ્યાલય, અમરેલીનાં આચાર્ય ડો. સ્વપ્નીલ દેશમુખ, સહ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રી ડો. આઈ.બી. કાપડિયા, બાગાયત અધિકારી અવનીબેન ગૌસ્વામી તથા નાયબ પ્રોજેકટ નિયામક, આત્મા, દિલીપ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા.કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે કુલ ૧૧ સ્ટોલ ગોઠવવામાં આવ્યા હતા, જેમાં પાકના મૂલ્યવર્ધન દ્વારા તૈયાર કરવામાં આવેલી પેદાશો તેમજ પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિત વિવિધ પેદાશોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ખેડૂતો પોતાની ખેત પેદાશોમાં મૂલ્યવર્ધન કરી વધુ આવક મેળવી શકે અને તેનું યોગ્ય વેચાણ કરી શકે તે માટે તેમને પ્રોત્સાહન તથા માર્ગદર્શન પૂરૂં પાડવાનો આ પ્રદર્શનનો મુખ્ય હેતુ હતો.આ પ્રસંગે કૃષિ વૈજ્ઞાનિકોએ ખેડૂતોને વિવિધ નવીન ટેકનોલોજી, પાકોની નવી જાતો, પ્રાકૃતિક ખેતી તેમજ કપાસ અને દિવેલા જેવા પાકોમાં પોષણ વ્યવસ્થાપન અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં અમરેલી જિલ્લાનાં બહોળી સંખ્યામાં ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

### જમીનનાં મૂલ્યાંકન માટે મૂલ્યાંકનકારોની સમિતિમાં જોડાવા માટે અરજીઓ મંગાવાઈ

## અમરેલી જિલ્લામાં ટ્રાન્સમિશન લાઈનથી અસરગ્રસ્ત જમીનનાં મૂલ્યાંકન માટે માર્કેટ રેટ કમિટીની રચના થશે

### ગામદીઠ માર્કેટ રેટ કમિટીમાં જોડાવા માટે ૧૦ સપ્ટેમ્બર સુધી અરજી કરવી

અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લામાં ટ્રાન્સમિશન લાઈનથી અસરગ્રસ્ત જમીનનાં મૂલ્યાંકન માટે માર્કેટ રેટ કમિટીની રચના થશે. ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના પરિપત્ર અન્વયે અમરેલી જિલ્લામાં પસાર થતી વિવિધ ટ્રાન્સમિશન લાઈનો હેઠળ જમીનનુંમૂલ્યાંકન કરવા માટે અમરેલી જિલ્લામાંથી પસાર થતી વિવિધ ટ્રાન્સમીશન લાઈન અંતર્ગત ટ્રાન્સમીશન લાઈનો નાખતી વખતે રાઈટ ઓફ વે કોરિડોર અને ટાવરબેઝ આધારિત જમીન મૂલ્યાંકન ડિસ્ટ્રીકટ માર્કેટ રેટ કમિટીમાં જરૂરી પદ્ધતિઓ દ્વારા રાજયના ઈન્સોલવન્સી એન્ડ બેન્કરપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયા– આઈબીબીઆઈ દ્વારા માન્યતા પ્રાપ્ત જમીન મૂલ્યાંકનકાર દ્વારા જ જમીનનું મૂલ્યાંકન કરવા માટે જરૂરી જોગવાઈ કરવામાં આવી છે.જેના અંતર્ગત અમરેલી જિલ્લામાં જિલ્લા કક્ષાએ માર્કેટ રેટ કમિટીમાં ગામદીઠ જિલ્લા કલેકટર દ્વારા એક (૧) , જમીન માલિકોના પ્રતિનિધિ દ્વારા એક (૧) ટ્રાન્સમિશન સર્વિસ પ્રોવાઈડરો દ્વારા એક (૧) એક એમ કુલ મળી–૩ ગામદીઠ મૂલ્યાંકનકારોની નિમણૂક કરવામાં આવનાર છે.આ સમિતિ દ્વારા ટ્રાન્સમિશન લાઈન હેઠળનાં ROW કોરિડોર તથા ટાવર આધારિત જમીન નુકસાનના વળતર બાબતે જમીનનું યોગ્ય મૂલ્યાંકન કરવામાં આવશે. આ પ્રક્રિયા માટે અમરેલી જિલ્લાનાં વિવિધ ટ્રાન્સમિશન લાઈનથી અસરગ્રસ્ત જમીન માલિકોના પ્રતિનિધિ તરીકે જોડાવા ઈચ્છુક અરજદારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે.ઈચ્છુક અરજદારોએ પોતાનું નામ, સરનામું, સંપર્ક નંબર તથા અન્ય જરૂરી વિગતો સાથેની અરજી તા. ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીમાં જિલ્લા કલેકટર કચેરી, જમીન શાખા ખાતે મોકલી આપવા અનુરોધ કરવામાં આવ્યો છે. અરજી સાથે સંબંધિત જરૂરી વિગતો રજૂ કરવાની રહેશે, તેમ જિલ્લા કલેકટરએ અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

# ચિત્તલ ખાતે આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ ડો. પ્રવિણભાઈ તોગડિયાની શુભેચ્છા મુલાકાત




આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ અને પ્રખર હિન્દુત્વવાદી વિચારક ડો. પ્રવીણભાઈ તોગડિયાએ અમરેલીના ચિતલ ખાતે શુભેચ્છા મુલાકાત લીધી હતી. અગ્રણી ઉદ્યોગપતિ તથા અમરેલી જિલ્લા ખોડલધામ સમાધાન પંચના પૂર્વ અધ્યક્ષ મનુબાપા દેસાઈની નાદુરસ્ત તબિયતને ધ્યાને લઈ ડો. પ્રવીણભાઈ તોગડિયાએ તેમની આત્મીય મુલાકાત કરી ખબરઅંતર પૂછયા હતા તેમજ તેમના સ્વાસ્થ્ય અંગે જાણકારી મેળવી વહેલી તકે સંપૂર્ણ સ્વસ્થતા પ્રાપ્ત કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે ચિતલ દેસાઈ કોટકસ ખાતે ઉપસ્થિત આગેવાનો તથા કાર્યકરોને સંબોધતા ડો. પ્રવીણભાઈ તોગડિયાએ હિન્દુ સમાજમાં ભાઈચારો, એકતા, પરસ્પર સહયોગ અને સંગઠન ભાવનાને વધુ સુદ્રઢ બનાવવા સાથે રાષ્ટ્રભાવનાને સર્વોપરી રાખવાનો પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો. તેમણે સમાજની સંગઠિત શક્તિને રચનાત્મક, સેવાલક્ષી અને રાષ્ટ્રહિતલક્ષી દિશામાં આગળ ધપાવવાની હાકલ કરી હતી. સાથે જ સનાતન મૂલ્યો અને સાંસ્કૃતિક પરંપરાઓના સંવર્ધન માટે સમાજની સામૂહિક જવાબદારી પર ભાર મૂકયો હતો. ડો. પ્રવીણભાઈ તોગડિયાની આ મુલાકાત દરમિયાન ઉપસ્થિત આગેવાનો અને કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. આ મુલાકાતને આત્મીયતા, સામાજિક એકતા અને રાષ્ટ્રભાવનાના સંદેશને વધુ પ્રબળ બનાવતી મહત્વપૂર્ણ મુલાકાત તરીકે જોવામાં આવી હતી. આ પ્રસંગે અગ્રણી ઉદ્યોગપતિ જયસુખભાઈ દેસાઈ તથા જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ વિજયભાઈ દેસાઈ દ્વારા ડો. પ્રવીણભાઈ તોગડિયાનું ઉષ્માભર્યુ સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નિર્મલભાઈ ખુમાણ, ડો. ગજેરા, રમેશભાઈ કાથરોડિયા, સુરેશભાઈ દેસાઈ, કાળુભાઈ સુહાગિયા, ચતુરભાઈ ખુંટ, વસંતભાઈ પેથાણી, દિનેશભાઈ ભૂવા, રવિભાઈ શેખવા, રશ્મિનભાઈ ત્રિવેદી, ગોરધનભાઈ ગેડિયા, ચંદુભાઈ પોલરા, દયાળ ભાઈ સંઘાણી, લાલજીભાઈ દેસાઈ, કાળુભાઈ ધામી, જયંતીભાઈ દેસાઈ, પીઠાભાઈ ડેર, મોતીભાઈ કાનાણી, મનુભાઈ લીમ્બાસિયા, વી.ડી. લીમ્બાસિયા, સંજયભાઈ લીમ્બાસિયા, સુખદેવસિંહ સરવૈયા, મનસુખભાઈ નાડોદા, રમેશભાઈ માંગરોળિયા, ઝવેરભાઈ દેસાઈ, મગનભાઈ દેસાઈ, હસુભાઈ ધાનાણી, અરવિંદભાઈ મેશિયા, નંદાભાઈ મેશિયા, શંકરભાઈ પટેલ, ચંદ્રેશભાઈ પટેલ, જે.પી. માંગરોળિયા, ઘનશ્યામભાઈ માંગરોળિયા, કરશનભાઈ ભાલાળા, જયેશભાઈ ભીમાણી, મજબૂતભાઈ બસિયા, બિપિનભાઈ દવે, મનસુખભાઈ રૈયાણી, ડો. દેસાણી, ડો. પંકજત્રિવેદી, હર્ષદભાઈ ત્રિવેદી, પંકજભાઈ કાનાણી, કરણભાઈ વાંઝા, ભોજરાજ વાળા, સિદ્ધાર્થ ગજેરા, મુકેશભાઈ લીમ્બાસિયા, જિગ્નેશભાઈ દેસાઈ, મહેશભાઈ સાકરિયા, વિનુભાઈ દેસાઈ સહિતના આગેવાનો તથા શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાં ઊર્જા રાજયમંત્રીના અધ્યક્ષસ્થાને ઠેબી ડેમના પાળે સ્વચ્છતા અભિયાન યોજાયું










રાજય સરકાર દ્વારા દર માસના પ્રથમ રવિવારે 'સઘન સફાઈ અભિયાન, 'કેચ ધ રેઈન અંતર્ગત જળસંચયની કામગીરી તેમજ વૃક્ષારોપણ અને સુકાઈ ગયેલા રોપાઓની ફેરબદલી સહિત પાણી અને પર્યાવરણલક્ષી ત્રિવિધ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લામાં ઊર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષસ્થાને સઘન સફાઈ, જળસંચય અને વૃક્ષારોપણ અભિયાનનો સંકલ્પબદ્ધ પ્રારંભ કરવામાં આવ્યો હતો. અમરેલી શહેરના ઠેબી ડેમના કાંઠે યોજાયેલા કાર્યક્રમમાં ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, અમરેલી નગરપાલિકાના પ્રમુખ વૈશાલીબહેન માંરોળીયા સહિત જિલ્લ પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાના પદાધિકારીઓ, જિલ્લ વહીવટીતંત્રના અધિકારીઓ, વિવિધ સંગઠનોના પ્રતિનિધિઓ અને નાગરિકોએ શ્રમદાન કરી સઘન સફાઈ હાથ ધરી હતી. ' સ્વચ્છ અમરેલી, હરિત અમરેલીની નેમ સાથે હાથ ધરાયેલી આ ઝુંબેશ દરમિયાન ઠેબી ડેમના પાળે ઊગી નીકળેલા ગાંડા બાવળને યાંત્રિક સાધનોની મદદથી દૂર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઊર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 'સ્વચ્છ ભારત અભિયાનના માધ્યમથી દેશવાસીઓને સ્વચ્છતાને જીવનશૈલીનો અભિન્ના હિસ્સો બનાવવા પ્રેરણા આપી છે. અમરેલીનો પ્રત્યેક નાગરિક અઠવાડિયામાં એક કલાક સ્વચ્છતા, પર્યાવરણ અને જળ સંવર્ધન માટે શ્રમદાન કરે તેવી તેમણે અપીલ કરી હતી. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, સ્વચ્છતા સાથે જળ સંચય અને પર્યાવરણના જતન માટે વૃક્ષારોપણ પણ એટલું જ જરૂરી છે. 'હરિત અમરેલીના સંકલ્પને સાકાર કરવા સૌએ વૃક્ષોના વાવેતર સાથે તેના જતનની જવાબદારી પણ નિભાવવી જોઈએ. આ સંકલ્પ સાથે કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોના હસ્તે સામાજિક વનીકરણ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલા દેશી કુળના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. રાજય સરકારના આ ત્રિવિધ અભિયાનનો અમરેલી જિલ્લાના તમામ ૧૧ તાલુકાઓમાં પણ પ્રારંભ કરવામાં આવ્યો હતો. અમરેલી ખાતે ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા, ધારી ખાતે ધારાસભ્ય જે.વી. કાકડીયા અને સાવરકુંડલા ખાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો હતો. લાઠી, બાબરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, લીલીયા, બગસરા અને કુંકાવાવ તાલુકામાં તાલુકા પંચાયતના પ્રમુખના અધ્યક્ષ સ્થાને સઘન સફાઈ, જળસંચય અને વૃક્ષારોપણની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. અમરેલી ખાતેના કાર્યક્રમમાં શહેરમાં સ્વચ્છતા માટે કાર્યરત 'કિલન–અપ અમરેલી' સંસ્થાના સ્વયંસેવકો પણ ઉત્સાહભેર જોડાયા હતા. અમરેલી નગરપાલિકાના સફાઈ સેવકોની ટીમ દ્વારા સફાઈ બાદ એકત્ર થયેલા કચરાના યોગ્ય નિકાલની વ્યવસ્થા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ ડેનીભાઈ પરમાર, જિલ્લા પંચાયતના સભ્ય આશિષભાઈ અકબરી, તાલુકા પંચાયતના સભ્ય સુરેશભાઈ પાથર, નગરપાલિકાના સભ્ય અલકાબહેન ગોંડલિયા ઉપરાંત અતુલભાઈ કાનાણી, મયૂરભાઈ માંજરીયા, મધુભાઈ હરખાણી, વિજયભાઈ ચોટલીયા, સંદીપભાઈ સોલંકી, રેખાબહેન પરમાર, જેન્તી ભાઈ દેસાઈ સહિત નગરપાલિકાના વિવિધ વોર્ડના સભ્યો, સ્થાનિક અગ્રણીઓ અને વિવિધ સંગઠનોના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. સુપર ન્યૂમરરી આસિસ્ટન્ટ કલેકટર હર્ષિતા ગોયલ, અભિયાનના નોડલ અધિકારી અને નિવાસી અધિક કલેકટર એ.એ.ડોડિયા, સહ નોડલ અધિકારી અને આંકડા અધિકારી ડી.એ.ગોહિલ સહિત જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓએ પણ શ્રમદાન કરી અભિયાનમાં સહભાગિતા નોંધાવી હતી. રાજય સરકારના આ ત્રિવિધ અભિયાન અંતર્ગત જિલ્લામાં દર માસના પ્રથમ રવિવારે સઘન સફાઈ, જળસંચય અને વૃક્ષારોપણની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે.

પરિવાર સાથે આવેલા લોકો ઉપરાંત મોટી સંખ્યામાં યુવાનો અને બાળકો પણ મેળાની મોજ માણવા પહોંચ્યા હતા.

દિવસ દરમિયાન મેળામાં આવેલા લોકો વિવિધ રાઈડ્સની મજા માણવા ઉપરાંત ખાણીપીણીના સ્ટોલ પર વિવિધ વાનગીઓનો સ્વાદ માણતા જોવા મળ્યા હતા. બાળકો માટે રમકડાંના સ્ટોલ પણ વિશેષ આકર્ષણ બન્યા હતા. મેળાના મેદાનમાં વિવિધ પ્રકારની રાઈડ્સ અને મનોરંજનના સાધનોને કારણે સમગ્ર વાતાવરણ ઉત્સવમય બની ગયું હતું.

જન્માષ્ટમીના પવિત્ર દિવસે રાત્રે ૧૨ વાગ્યે ભગવાન શ્રી કૃષ્ણના જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. મધરાતે કૃષ્ણ જન્મનો સમય થતાં મેળામાં ભકિત અને ઉત્સાહનો માહોલ છવાયો હતો. દિવસભર મેળાની મોજ માણ્યા બાદ લોકોએ મધરાતે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણીમાં પણ ભાગ લીધો હતો.

ઉલ્લેખનીય છે કે જન્માષ્ટમીના આગલા સાત દિવસ દરમિયાન પણ મેળામાં લોકોની હાજરી જોવા મળી હતી, પરંતુ જન્માષ્ટમીના દિવસે મેળામાં ઉમટેલી વિશાળ ભીડને કારણે સમગ્ર માહોલ બદલાઈ ગયો હતો. ફોરવર્ડ હાઈસ્કૂલના મેદાનમાં યોજાયેલો આ લોકમેળો જન્માષ્ટમી પર્વની ઉજવણીનું મુખ્ય આકર્ષણ બની

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં ''શ્રી કૃષ્ણ જન્મોત્સવ''ની

રહ્યો હતો.

**લીલીયા**

લીલીયા શહેરમાં પરંપરાગત રીતે બાલકૃષ્ણ હવેલી અને રામજી મંદિર ખાતે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. શ્રી રામ સેવા સમિતિ દ્વારા રામજી મંદિર ખાતેથી ભવ્યાથી ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ. બપોરે ત્રણ કલાકે શોભાયાત્રાનું પ્રસ્થાન કરાવવામાં આવેલ આ શોભાયાત્રામાં સ્થાનિક ધારાસભ્ય મહેશ કસવાલા જોડાયા હતા તેમણે નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકીના નાદ સાથે મટકી ફોડી ટ્રેકટર ચલાવી શ્રી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરી હતી . આ શોભાયાત્રામા જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ, ભનુભાઈ ડાભી, આનંદ ધાનાણી, કેપ્ટન ધામત, ભીખાભાઈ ધોરાજીયા, વિજય ગજેરા, પ્રગ્નેશ રામાણી, ગૌતમભાઈ વિછીયા, જીવનભાઈ વેકરીયા સહિત રાજકીય મહાનુભાવો અને ગ્રામજનો જોડાયા હતા. શોભાયાત્રા શહેરના વિવિધ માર્ગો પર ફરી હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

**સાવરકુંડલા**

સાવરકુંડલા શહેરમાં છેલ્લા ઘણા વર્ષોથી જન્માષ્ટમીના પાવન તહેવારેપરંપરાગત રીતે યોજાતી ૧૦૮ કાનુડાની ભવ્ય શોભાયાત્રા આ વર્ષે પણ જન્માષ્ટમીના દિવસે ભારે ઉત્સાહ અને ધાર્મિક માહોલ વચ્ચે યોજાઈ હતી. હિન્દુ યુવા સંગઠન દ્વારા આયોજિત ૧૦૮ કાનુડાની વિરાટ શોભાયાત્રામાં શહેર તેમજ આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં કૃષ્ણપ્રેમી ભકતો અને શહેરીજનો જોડાયા હતા.

સાવરકુંડલાના જેસર રોડ સ્થિત સનાતન આશ્રમ ખાતેથી શોભાયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ભગવાન શ્રીકૃષ્ણના ૧૦૮ કાનુડાની આ ભવ્ય શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ હતી અને અંતે હવેલી ખાતે પહોંચી પૂર્ણ થઈ હતી. શોભાયાત્રા દરમિયાન સમગ્ર શહેરમાં ધાર્મિક માહોલ છવાઈ ગયો હતો.

આ શોભાયાત્રામાં ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યેની આસ્થા સાથે મોટી સંખ્યામાં યુવાનો, મહિલાઓ અને બાળકો જોડાયા હતા. નાસિક ઢોલના તાલે કૃષ્ણપ્રેમી યુવાનો ઝૂમી ઉઠયા હતા, જયારે શોભાયાત્રાના માર્ગ પર શહેરીજનો દ્વારા ૧૦૮ કાનુડાના દર્શન કરી ભકિતભાવપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ શોભાયાત્રામાં રાજકીય અગ્રણીઓ, સાધુ–સંતો સહિત વિવિધ ક્ષેત્રના મહાનુભાવોની પણ ઉપસ્થિતિ જોવા મળી હતી. ધાર્મિક વાતાવરણ વચ્ચે નીકળેલી શોભાયાત્રાને પગલે શહેરના મુખ્ય માર્ગો પર મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા હતા. ૧૦૮ કાનુડાની એકસાથે નીકળેલી ભવ્ય શોભાયાત્રા સાવરકુંડલાવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી.

શોભાયાત્રાના દર્શન કરવા માટે શહેરના વિવિધ વિસ્તારોમાંથી લોકો ઉમટી પડયા હતા. સમગ્ર આયોજન દરમિયાન કૃષ્ણ ભકિત અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. હિન્દુ યુવા સંગઠન દ્વારા યોજાયેલી આ શોભાયાત્રાએ સાવરકુંડલા શહેરમાં ધાર્મિક એકતા અને ભકિતભાવનું સુંદર વાતાવરણ સર્જ્યુ હતું.

## પાના ૮ ઉપરનું ચાલું રત્ન કલાકારોનું મહેનતાણું વધતુ નથી

પ્રમાણમાં વધારો કરવામાં આવ્યો નથી. જેના કારણે રત્નકલાકારોને જૂના ભાવમાં જ કામ કરવું પડી રહ્યું છે અને વધતી મોંઘવારી વચ્ચે પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બની રહ્યું છે.

રાજુલાના રત્નકલાકારોએ જણાવ્યું હતું કે, હીરા ઉદ્યોગ સાથે વર્ષોથી મોટી સંખ્યામાં પરિવારો સંકળાયેલા છે. રત્નકલાકારો દિવસ–રાત મહેનત કરીને હીરા ઘસવાનું કામ કરે છે, પરંતુ મહેનતની સરખામણીએ મળતું વળતર પૂરતું ન હોવાથી આર્થિક મુશ્કેલીઓ વધી રહી છે. મોંઘવારીના પ્રમાણમાં હીરા ઘસવાના ભાવમાં વધારો કરવામાં આવે તેવી લાંબા સમયથી માંગ હોવા છતાં પ્રશ્નનું યોગ્ય નિરાકરણ આવ્યું નથી.

આ મુદ્દે રત્નકલાકારો મોટી સંખ્યામાં એકત્ર થયા હતા અને પ્રાંત કલેકટરને આવેદનપત્ર પાઠવી તેમની માંગણીઓ સરકાર સુધી પહોંચાડવા રજૂઆત કરી હતી. રત્નકલાકારોની મુખ્ય માંગ એ છે કે વર્તમાન મોંઘવારી અને જીવનનિર્વાહના ખર્ચને ધ્યાનમાં રાખીને હીરા ઘસવાના ભાવમાં યોગ્ય વધારો કરવામાં આવે, જેથી રત્નકલાકારોને તેમની મહેનતનું યોગ્ય વળતર મળી શકે અને તેઓ પોતાના પરિવારનું ગુજરાન સરળતાથી ચલાવી શકે.

રત્નકલાકારોની આ રજૂઆતમાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો પણ જોડાયા હતા. કોંગ્રેસ દ્વારા પણ રત્નકલાકારોની માંગને યોગ્ય ગણાવી સરકાર સમક્ષ પ્રશ્ન ઉકેલવા રજૂઆત કરવામાં આવી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું બાબરા પંથકમાં વરસાદ ખેંચાતા

અમરેલી તેમજ બાબરા તાલુકા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં ચાલુ ચોમાસાની વસ્તુ દરમિયાન વરસાદ ખેંચાતાં પશુપાલકો અને માલધારીઓની મુશ્કેલીમાં વધારો થયો છે. વરસાદના અભાવે ખેતરો તથા ગૌચર વિસ્તારમાં લીલુ ઘાસ પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી. આ પરિસ્થિતિમાં માલધારીઓ તથા પશુપાલકો માટે પશુઓને પુરતો ઘાસચારો આપવો મુશ્કેલ બની રહયો છે. પશુધન તેમના જીવન નિર્વાહનું મુખ્ય સાધન હોવાથી સમયસર ઘાસચારો ઉપલબ્ધ ન થાય તો પશુઓના સ્વાસ્થ્ય તેમજ પશુપાલકોની આર્થિક સ્થિતિ પર ગંભીર અસર થઈ શકે છે.

વધુમાં જણાવેલ છે કે, (૧) અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક સરકારી ધોરણે ઘાસચારો ઉપલબ્ધ કરવામાં આવે. (૨) માલધારીઓ તથા પશુપાલકભોને ઘાસચારો ખરીદવા માટે સીધી આર્થિક સહાય આપવામાં આવે.(૩) ગામે ગામ ઘાસ ડેપો શરૂ કરી યોગ્ય ઘાસચારો વિતરણ કરવામાં આવે. (૪) પશુઓ માટે જરૂરી દાણચોરો તથા પશુચિકિત્સા સેવાઓની પણ વ્યવસ્થા કરવામાં આવે. (૫) વરસાદની સ્થિતિને ધ્યાને લઈ જરૂરી હોય તથા અછતગ્રસ્ત વિસ્તાર તરીકે રાહતલક્ષી પગલા લેવામાં આવે. માલધારીઓ તથા પશુપાલકોની હાલની પરિસ્થિતિને માનવતાપુર્વક ધ્યાને લઈ તાત્કાલિક રાહત અને ઘાસચારો મંજુર કરવામાં આવે તેવી અંતમાં માંગ કરેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું ગઢડાના ઈતરીયા ગામે

દબાણ કરી રહયા છે. જેના લીધે અમોને આર્થિક અને માનસિક યાતનાઓનો સામનો કરી રહયા છીએ અને સ્થાનિકે બન્ને કંપનીઓના પ્રતિનિધિઓ દ્વારા આપવામાં આવતા ત્રાસથી અમારે નાછુટકે આ લેન્ડ ગ્રેબિંગની ઓનલાઈન અરજી કરવાની ફરજ પડી રહી છે. આમ, મહેરબાની કરી અમારી આ અરજી અન્વયે યોગ્ય સત્વરે કાર્યવાહી કરી અમોને અમારી જમીન જમીન માફિયા પાસેથી છોડાવી અને અમોને અમારો બાંધકામ મુકત કબજો અપાવવો.

વધુમાં જણાવવાનું કે ઉકત બન્ને કંપનીઓના પ્રતિનિધિઓ અવાર–નવાર અમોને તેની કંપનીની લાગવગ, વગ અને ઓળખાણની ધમકીઓ આપી રહયા છે, જેને પણ બિનચુક ધ્યાને લેવા અંતમાં માંગ કરેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૧૮૦ | ૧૩૮૫ |
| ૨ | શિંગદાણા ફાડા | ૧૫૩૦ | ૧૯૦૦ |
| ૩ | તલ સફેદ | ૧૫૩૦ | ૨૫૩૫ |
| ૪ | તલ કાળા | ૨૨૦૦ | ૩૫૦૦ |
| ૫ | તલ કાશ્મીરી | ૧૭૬૫ | ૨૪૧૫ |
| ૬ | બાજરો | ૩૪૦ | ૪૨૫ |
| ૭ | જુવાર | ૧૧૫૦ | ૧૨૫૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૯૦ |
| ૯ | ઘઉં લોકવન | ૫૩૦ | ૫૯૦ |
| ૧૦ | મગ | ૧૨૧૦ | ૧૬૮૦ |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૧૨૪૫ |
| ૧૨ | ચણા દેશી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૩ | સફેદ ચણા | ૧૧૬૫ | ૧૧૮૫ |
| ૧૪ | તુવેર | ૧૩૨૦ | ૧૫૫૫ |
| ૧૫ | કપાસ | ૧૦૪૦ | ૧૯૪૦ |
| ૧૬ | એરંડા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૭ | જીરૂ | ૩૭૩૫ | ૩૭૮૫ |
| ૧૮ | રાય | ૧૫૨૫ | ૧૫૨૫ |
| ૧૯ | ધાણી | ૧૬૩૦ | ૨૯૨૦ |
| ૨૦ | મેથી | ૧૨૬૫ | ૧૩૫૫ |
| ૨૧ | સોયાબીન | ૧૦૮૦ | ૧૧૭૦ |

## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ એમ.જે. વ્યાસ બગસરા** તે લાગતા વળગતા તથા જાહેર જનતા જોગ આ જાહેર નોટીસથી જાણ કરી જણાવીએ છીએ કે અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના હડાળા ગામની જુની શરતની ખેડવા લાયક ખેતીની જમીન **શ્રી જીતેન્દ્રભાઈ વિઠ્ઠલભાઈ રાદડીયા,** ની **ખાતા નં. ૯૦૨ સર્વે નં. ૨૫૫પૈકી ૩/ પૈકી૧ હે. ૧–૩૩–૯૦** થી સ્વતંત્ર કબ્જા ભોગવટાની અને માલીકીની આવેલી છે જે ખેતીની જમીન અમારા અસીલ તેમની પાસેથી ખરીદ કરવા માંગે છે, સબબ આથી આ જાહેર નોટીસથી લાગતા વળતા તેમજ હિત ધરાવતા તમામ તથા જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ થકી જાણ કરવાની કે સદરહું ખેતીની જમીન સબંધે કોઈ વ્યકિત, સંસ્થા, પેઢી કે કોઈપણ વિગતે હક્ક, અધિકાર, રાઈટસ, માલીકી હોય કે આ મિલ્કત ઉપર અન્ય કોઈપણ વ્યકિત, સંસ્થા, કે બેંકનું કરજ, બોજો, લેણું, ધિરાણ, લોન કે ભરણ પોષણ, વારસાઈ, ભાગીદારી, ભાઈઓ ભાગ, કબ્જા, હલાણનો રસ્તો, ગાડા મારગનો હકક, કે કોઈ સોદાખત, મુખત્યારનામું, કે કોઈપણ પ્રકારના અગ્રહકક કે લખાણો હોય કે કબ્જા હકક હોઈ તો તે સંબંધે તેમના લેખીત આધાર પુરાવા સાથે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન–૭ (સાત) માં નિચે જણાવેલ સરનામે જાણ કરવી અન્યના મુદત વિતેથી સદરહું મિલ્કત પરત્વે કોઈનો કોઈપણ જાતનો વાંધો, તકરાર, હકક, હિસ્સો કે લાગ ભાગ નથી અને હોય તો પણ તે જતો (WAIVE) કરેલ છે. તેમ માની લઈ ઉપર દર્શાવેલ મિલ્કતના માલીકો ધોરણસરનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ જમીન એકઝીકયુટ કરાવી લેશે અને વિધીવંત રીતે જમીનનો કબ્જો મેળવી લેશે અને ત્યારબાદ કોઈપણના વાંધા, તકરાર, અમારા અસીલ કે તેમણે ખરીદ કરેલ મિલ્કતને કોઈપણ વિગતે બંધન કર્તા રહેશે નહી. તેની લાગતા વળગતા તથા જાહેર જનતાએ નોંધ લેવી.

**અસીલની સુચના અને ફરમાઈશથી**

**તા.૦૭/૦૯/૨૦૨૬**

**ઓફીસ :–**
**હોસ્પિટલ રોડ–બગસરા**

**એમ.જે.વ્યાસ**
એડવોકેટ (ગુજરાત હાઈકોર્ટ)
મો. ૯૪૨૮૭ ૯૪૯૪૧

## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ એમ.જે. વ્યાસ બગસરા** તે લાગતા વળગતા તથા જાહેર જનતા જોગ આ જાહેર નોટીસથી જાણ કરી જણાવીએ છીએ કે, અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના હડાળા ગામની જુની શરતની ખેડવા લાયક ખેતીની જમીન **શ્રી સંજયભાઈ વિઠ્ઠલભાઈ રાદડીયા,** ની **ખાતા નં. ૯૦૧ સર્વે નં. ૨૫૫પૈકી૩/ પૈકી૧/પૈકી૧ હે. ૦–૮૦–૯૪ થી સ્વતંત્ર કબ્જા ભોગવટાની** અને માલીકીની આવેલી છે જે ખેતીની જમીન અમારા અસીલ તેમની પાસેથી ખરીદ કરવા માંગે છે, સબબ આથી આ જાહેર નોટીસથી લાગતા વળતા તેમજ હિત ધરાવતા તમામ તથા જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ થકી જાણ કરવાની કે સદરહું ખેતીની જમીન સબંધે કોઈ વ્યકિત, સંસ્થા, પેઢી કે કોઈપણ વિગતે હક્ક, અધિકાર, રાઈટસ, માલીકી હોય કે આ મિલ્કત ઉપર અન્ય કોઈપણ વ્યકિત, સંસ્થા, કે બેંકનું કરજ, બોજો, લેણું, ધિરાણ, લોન કે ભરણ પોષણ, વારસાઈ, ભાગીદારી, ભાઈઓ ભાગ, કબ્જા, હલાણનો રસ્તો, ગાડા મારગનો હકક, કે કોઈ સોદાખત, મુખત્યારનામું, કે કોઈપણ પ્રકારના અગ્રહકક કે લખાણો હોય કે કબ્જા હકક હોઈ તો તે સંબંધે તેમના લેખીત આધાર પુરાવા સાથે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન–૭ (સાત) માં નિચે જણાવેલ સરનામે જાણ કરવી અન્યના મુદત વિતેથી સદરહું મિલ્કત પરત્વે કોઈનો કોઈપણ જાતનો વાંધો, તકરાર, હકક, હિસ્સો કે લાગ ભાગ નથી અને હોય તો પણ તે જતો (WAIVE) કરેલ છે. તેમ માની લઈ ઉપર દર્શાવેલ મિલ્કતના માલીકો ધોરણસરનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ જમીન એકઝીકયુટ કરાવી લેશે અને વિધીવંત રીતે જમીનનો કબ્જો મેળવી લેશે અને ત્યારબાદ કોઈપણના વાંધા, તકરાર, અમારા અસીલ કે તેમણે ખરીદ કરેલ મિલ્કતને કોઈપણ વિગતે બંધન કર્તા રહેશે નહી. તેની લાગતા વળગતા તથા જાહેર જનતાએ નોંધ લેવી.

**અસીલની સુચના અને ફરમાઈશથી**

**તા. ૦૭/૦૯/૨૦૨૬**

**ઓફીસ :–**
**હોસ્પિટલ રોડ–બગસરા**

**એમ.જે.વ્યાસ**
એડવોકેટ (ગુજરાત હાઈકોર્ટ)
મો. ૯૪૨૮૭ ૯૪૯૪૧

UG કોલેજ ડિસ્ટીંક્શનને – PG કોલેજ ફર્સ્ટયર માં 100% ફી માફ – ફર્સ્ટક્લાસને 50% ફી માફ

* BA - B.Com. - B.Sc. - BBA - BCA – ડિસ્ટીંક્શનને MA - M.Com.- M.Sc. -MBA-MCA– ફર્સ્ટયરમાં 100% ફી માફ થશે – ફર્સ્ટક્લાસ ને 50% ફી માફ થશે.
* MA સાયકોલોજી – સોસીયોલોજી – ઈંગ્લીશ • M.Com ગુજરાતી મિડીયમ – ઈંગ્લીશ મિડીયમ • M.Sc. માઈક્રોબાયોલોજી – બાયોટેકનોલોજી • MBA - MCA - GTU - AICTE • રૂા.100/– પ્રવેશ ફી ભરી પ્રવેશ મેળવી લેવો.

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત**
**શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ અમરેલી**
**સ્થળ:– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી**
Ad 129

## મહે. ખાંભાના જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ખાંભા

ફો. પ. અ. નં.૮૨/૨૦૨૬ તા. ૨૪/૦૯/૨૦૨૬

**અરજદાર:–** દેવશીભાઈ દાનાભાઈ તરસરિયા
રહે. દડલી, તા. ખાંભા, જી. અમરેલી **// વિરૂધ્ધ //**

**સામાવાળા:–** જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી – તલાટી–કમ–મંત્રીશ્રી ગ્રામ પંચાયત કચેરી
મુ. દડલી, તા. ખાંભા, જી. અમરેલી

**અરજદારશ્રીના વિ.વ.શ્રી યુ.કે. બોરિસાગર**

**જાહેર નોટીસ**

આથી આ નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારના પુત્રી **શિલ્પાબેન દેવશીભાઈ તરસરિયાનો જન્મ તા. ૨૫/૧૧/૧૯૯૭ના રોજ** મોજે ગામ : **દડલી**, તા. ખાંભા મુકામે થયેલ અને તેની જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ/મરણ નોંધણી અધિનીયમની કલમ–૧૩ (૩) મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ તેઓના **જન્મ અંગેની નોંધ** કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા **મુદત તા. ૨૪/૦૯/૨૦૨૬**ના રોજ કલાક ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૨૭મી, માહે ઓગષ્ટ, સને ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યું

| તૈયાર કરનાર | | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|---|
| (બી.કે. ભુવા) | સિક્કો | (કે.પી. રામોલિયા) | (એસ.આર. ભમ્મર) |
| આસીસ્ટન્ટ | | આસીસ્ટન્ટ | રજીસ્ટ્રાર |

## દસ્તાવેજ ગુમ થયા અંગે જાહેર નોટિસ

આથી જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

રજીસ્ટર ડીસ્ટ્રીકટ અમરેલીના સબડ્રીસ્ટીકટ સાવરકુંડલાના કુંડલા ગામે ઔદ્યોગિક હેતુ માટે આવેલ સર્વે નં.૪૧ પૈકી,૪૨/૧ પૈકી તથા ૪૨/૨ એકર ૪–૨૭ ગુઠામાં આવેલ (૧) પ્લોટ નં.૨ ચો.મી.૫૦૦–૦૦ (૨) પ્લોટ નં.૩ ચો.મી.૪૯૨–૦૦ (૩) પ્લોટ નં.૭ ચો.મી.૪૯૫–૬૫ (૪) પ્લોટ નં.૮ પૈકી ચો.મી.૩૨૭–૦૭ મળી કુલ ચો.મી.૧૮૧૪–૭૨ જે (૧) શ્રી કાચા અશોકભાઈ દેવશીભાઈ રહે.સાવરકુંડલા (૨) શ્રી કાચા દીલીપભાઈ દેવશીભાઈ, રહે–કાંદીવલી મુંબઈના નામે હાલમાં રેવન્યુ રેકોર્ડથી ચાલે છે. જે તેમના માલીકી અને કબજા ભોગવટા વાળી છે. જે અમોના અસીલે તેમની સાથે બાના કરાર યાને વેચાણ કરાર કરેલ છે આ પ્લોટસ જેના વેચાણ દસ્તાવેજ તથા ઉત્તરોત્તર વેચાણ દસ્તાવેજ જે નીચે મુજબ આવેલ છે.

(૧) દ.નં.૧૩૦૫, તા. ૨૭/૧૨/૯૭ (૨) દ.નં.૨૫૫, તા. ૧૮/૦૫/૯૮ (૩) દ.નં.૧૪૮૬, તા. ૦૬/૧૧/૦૭ (૪) દ.નં.૧૪૮૭, તા. ૦૬/૧૧/૨૦૦૭ (૫) દ.નં.૨૮, તા. ૦૫/૦૧/૧૬ (૬) દ.નં.૨૮, તા. ૦૫/૦૧/૧૬

આ ઉપરોકત પ્લોટસના અસલ દસ્તાવેજો જે આ પ્લોટસના માલીક પાસેથી ખોવાયેલ છે એટલે કે માલીકના કબજામા નથી આથી આ અંગે આ પ્લોટસના માલીકે શહેર પોલીસ સ્ટેશનમા ખોવાયા અંગેની ફરિયાદ કરેલ છે. આ અંગે કોઈને વાંધો તકરાર હોય કે કોઈપણ પ્રકારના વ્યવહારથી કોઈના કબજામા આવેલ હોય તો કે મળેલ હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયાના દીવસ–૦૭ માં અમોને નિચે જણાવેલ સરનામે દસ્તાવેજી પુરાવાઓ સાથે મળી જાય તે રીતે રજી. પોસ્ટથી મોકલવા અથવા રૂબરૂ મળી લેખિતમા આપવાનું રહેશે. આ સમય મર્યાદામાં વાંધાઓ રજુ કરવામાં નહી આવે તો કોઈને કોઈ વાંધો તકરાર નથી અન્યથા હોય તો જતો (વેવ) કરેલ છે. તેમ માની અમોના અસીલ આ સદરહું મિલ્કતનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. અને વેચાણ દસ્તાવેજથી તેઓને મજકુર મિલ્કતોના ચોખ્ખા માલિકી હક્ક પ્રાપ્ત થશે. અને તે હક્કો કાયમી અબાધિત રહેશે. જેની દરેક લાગતા વળગતાએ નોંધ લેવી.

**તા.૦૩/૦૯/૨૦૨૬**
**સાવરકુંડલા**

સિક્કો

**અમારા મારફત**
**અમોના અસીલની સુચના મુજબ**

**ઓફીસ :–**
**શ્યામ કોમ્પ્લેક્ષ,ઓફીસ નં.૯,**
**મામલતદાર કચેરી સામે,**
**મહુવા રોડ, સાવરકુંડલા**

**સજ્જાદભાઈ ટી. કપાસી**
એડવોકેટ ( BCom.LL.B )
મો. ૯૪૨૭૨ ૭૨૭૮૨

### પાંચાળી આહીર સમાજ ગ્રુપ દ્વારા

# રાજુલા ખાતે આસ્થા અને ઉત્સાહભેર શ્રી કૃષ્ણ જન્મોત્સવ અને રાસગરબા યોજાયા

### સમાજનાં ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં જોડાયા




રાજુલા, તા. ૭

રાજુલા સ્થિત વાવેરા રોડ પર આવેલી આહીર સમાજની વાડી ખાતે પાંચાળી આહીર સમાજ ગ્રુપ દ્વારા શ્રી કૃષ્ણ જન્મોત્સવ, મટકી ફોડ ઉત્સવ તેમજ રાસ ગરબાના ભવ્ય કાર્યક્રમનું સુંદર અને સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ ધાર્મિક અને સાંસ્કૃતિક મહોત્સવમાં સમાજના ભાઈઓ તથા બહેનો મોટી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતા. પારંપરિક પહેરવેશમાં સજજ થઈને આવેલી બહેનો માટે રાસ ગરબાનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિજેતાઓ અને ભાગ લેનાર બહેનોને પ્રોત્સાહક ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ ધર્મપ્રેમી જનતા માટે અલ્પ આહારની પણ સુંદર વ્યવસ્થા રાખવામાં આવી હતી તેમજ મહેમાનના સ્વાગત સાથે નાની બાળો દ્વારા કૃતિઓ પણ રજૂ કરવામાં આવી.

પાંચાળી આહીર સમાજ ગ્રુપના આયોજકો –મનુભાઈ કાતરીયા, લાલજીભાઈ જીંજાળા, બળવંતભાઈ મકવાણા તેમજ સમગ્ર ટીમની મહેનતથી આ સમગ્ર આયોજન ખૂબ જ શિસ્તબદ્ધ અને યાદગાર બની રહ્યું હતું. સમાજના અગ્રણીઓએ આ સફળ આયોજન બદલ સમગ્ર ટીમ અને ઉપસ્થિત સૌ ધર્મપ્રેમીજનોનો આભાર વ્યક્ત કર્યો હતો અને હજી પણ આગળના કાર્યક્રમો સમાજને ઉપયોગી લગતા કાર્યક્રમો થાય તેવી યાદીમાં આયોજક લાલજીભાઈ જીંજાળા જણાવેલ છે.

# ચલાલા : ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનો વિદ્યાર્થી નેશનલ સ્ટેમ કિવઝમાં ઝોનલ કક્ષાએ વિજેતા



ચલાલા, તા.૭

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ, ચલાલા સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલય, ચલાલાનાં વિદ્યાર્થી નાગેશ્રી સુજલએ ગુજકોસ્ટ, ડી.એસ.ટી.ગવર્મેન્ટ ઓફ ગુજરાત દ્વારા આયોજિત તથા ડિસ્ટ્રિક્ટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ચિલ્ડ્રન મ્યુઝિયમ અને બાલ ભવન અમરેલીના ઉપક્રમે યોજાયેલી નેશનલ સ્ટેમ કિવઝ ૪.૦ માં જોનલ કક્ષાએ વિજેતા બની શાળાનું ગૌરવ વધાર્યુ છે.

આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ નિલેશભાઈ કે, પાઠક (સાયન્સ કોમ્યુનિકેટર) પ.પૂ. સંત ડો.રતિદાદા તથા ભારતભૂષણ મહેશભાઈ મહેતા, ચેતન પાઠકના વરદ હસ્તે વિદ્યાર્થી નાગેશ્રી સુજલને સેમસંગનું ટેબલેટ ભેટ આપવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીની આ સિદ્ધિ બદલ શીતલબેન મહેતા તથા સમગ્ર સ્ટાફગણે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી તેના ઉજજવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

### ગુજરાત રાજય ગ્રામ સેવક મહામંડળનું સરકારને અલ્ટીમેટમ

# બાબરા : ગ્રામ સેવકોના પડતર પ્રશ્નોનો સાત દિવસમાં ઉકેલ લાવો, અન્યથા ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન

### અમરેલી જિલ્લામાં એક ગ્રામ સેવકના શિરે ૩૫૦૦થી વધુ ખેડૂતોની જવાબદારી

બાબરા, તા. ૭

અમરેલી જિલ્લામાં વર્ષોથી પડતર રહેલા ગ્રામ સેવકોના વિવિધ પ્રશ્નોનો સાત દિવસની સમયમર્યાદામાં સંતોષકારક ઉકેલ લાવવા ગુજરાત રાજય ગ્રામ સેવક મહામંડળે રાજય સરકાર સમક્ષ ઉગ્ર માંગ કરી છે. જો નિયત સમયમર્યાદામાં પ્રશ્નોનો ઉકેલ નહીં આવે તો મહામંડળ દ્વારા ગાંધીજીએ ચીંધેલા સત્ય અને અહિંસાના માર્ગે લોકશાહી ઢબે આંદોલન શરૂ કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

મહામંડળે જણાવ્યું હતું કે, ગ્રામ સેવકોની માંગણીઓ માત્ર કર્મચારી હિતપૂરતી મર્યાદિત નથી, પરંતુ સીધી રીતે ખેડૂત હિત સાથે સંકળાયેલી છે. અમરેલી જિલ્લામાં ગ્રામ સેવકોનું મહેકમ લાંબા સમયથી ઓછું છે. પરિણામે અનેક ગ્રામ સેવકોને એક સાથે ૯થી ૧૦ જેટલા ગામોની જવાબદારી સંભાળવી પડી રહી છે.

એક તરફ ગામડાઓમાં ખેડૂતોની સંખ્યા સતત વધી રહી છે અને બીજી તરફ ગ્રામ સેવકોની સંખ્યા પ્રમાણમાં વધારવામાં આવી નથી. જેના કારણે ગ્રામ સેવકો માટે મોટી સંખ્યામાં ખેડૂતો સુધી સમયસર પહોંચી તેમને કૃષિ માર્ગદર્શન આપવું, ખેતી સંબંધિત સમસ્યાઓનું નિરાકરણ કરવું તેમજ સરકારની વિવિધ ખેડૂતલક્ષી યોજનાઓની માહિતી અને લાભ પહોંચાડવો મુશ્કેલ બની રહ્યો છે.

ખાસ કરીને સૌની યોજના બાદ અમરેલી જિલ્લામાં પિયત વિસ્તાર નોંધપાત્ર રીતે વધ્યો છે, જેના પગલે ખેતીનો વ્યાપ અને ખેડૂતોની કામગીરીમાં પણ વધારો થયો છે. તેમ છતાં બદલાયેલી પરિસ્થિતિને અનુરૂપ ગ્રામ સેવકોના મહેકમમાં જરૂરી વધારો કરવામાં આવ્યો નથી.

મહામંડળના જણાવ્યા મુજબ સરકારના ધોરણ પ્રમાણે આશરે ૫૦૦ ખેડૂતો દીઠ એક ગ્રામ સેવક હોવો જોઈએ. પરંતુ અમરેલી જિલ્લામાં અનેક સ્થળોએ એક જ ગ્રામ સેવકના શિરે ૩૫૦૦થી વધુ ખેડૂતોની જવાબદારી આવી રહી છે. આટલા વિશાળ કાર્યક્ષેત્રને કારણે ગ્રામ સેવકો પર કામનું ભારણ વધી રહ્યું છે અને તેની સીધી અસર ખેડૂતોને મળતી સેવાઓ પર પડી રહી છે.

ગુજરાત રાજય ગ્રામ સેવક મહામંડળે સરકાર સમક્ષ તાત્કાલિક જરૂરી મહેકમ મંજૂર કરી ગ્રામ સેવકોની સંખ્યા વધારવા, તેમજ વર્ષોથી પડતર રહેલા તમામ પ્રશ્નોનો સાત દિવસમાં યોગ્ય અને સંતોષકારક ઉકેલ લાવવાની માંગ કરી છે.

મહામંડળે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, સાત દિવસની સમયમર્યાદામાં સરકાર તરફથી હકારાત્મક કાર્યવાહી નહીં થાય તો ગાંધીજીએ ચીંધેલા સત્ય અને અહિંસાના માર્ગે લોકશાહી ઢબે આંદોલનનો માર્ગ અપનાવવામાં આવશે, જેની સંપૂર્ણ જવાબદારી સરકારની રહેશે.


''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


# વંડા : પી.પી.એસ. હાઈસ્કુલમાં શિક્ષક દિનની ઉજવણી કરાઈ



વંડા, તા. ૭

ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને મહાન કેળવણીકાર ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિને ઉજવાતા 'શિક્ષક દિન' નિમિત્તે શ્રી પી.પી.એસ. હાઈસ્કૂલ, વંડા ખાતે એક ભવ્ય અને પ્રેરણાદાયક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના વાતાવરણમાં અનેરો ઉત્સાહ અને ગુરૂ પ્રત્યેનો આદર છલકાતો જોવા મળ્યો હતો.

આ વિશેષ દિવસે શાળાના કુલ ૪૫ જેટલા વિદ્યાર્થી ભાઈ–બહેનોએ હોંશે–હોંશે એક દિવસ માટે 'શિક્ષક'ની ગરિમાપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ તમામ બાળ–શિક્ષકોએ પોતાની સંપૂર્ણ લગન અને આગોતરી તૈયારી સાથે વર્ગખંડોમાં અત્યંત સુંદર અને પ્રભાવશાળી અધ્યાપન કાર્ય કરાવ્યું હતું. વિદ્યાર્થીઓએ શિક્ષક બનીને વર્ગખંડનું ઉત્તમ સંચાલન કરી સૌને પ્રભાવિત કર્યા હતા.

કાર્યક્રમના વિશેષ ભાગરૂપે શાળાના આચાર્ય સંજયભાઈ ચૌહાણે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતું. તેમણે 'વિદ્યાર્થીના જીવનઘડતરમાં શિક્ષકની ભૂમિકા' વિષય પર અત્યંત સુંદર અને માર્ગદર્શક વક્તવ્ય આપી ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. આ ઉપરાંત, પ્રવીણભાઈ ઝીંઝુવાડીયાએ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના પ્રેરણાદાયી જીવન, તેમના ઉચ્ચ આદર્શો અને શિક્ષણ ક્ષેત્રે તેમના અમૂલ્ય યોગદાન વિશે રસપ્રદ વાતો કરી વિદ્યાર્થીઓને તેમના પગલે ચાલવા પ્રેરિત કર્યા હતા.

કાર્યક્રમના અંતે, એક દિવસીય શિક્ષક બનેલા તમામ વિદ્યાર્થીઓની ઉત્તમ શૈક્ષણિક કામગીરી અને તેમના અદભુત આત્મ વિશ્વાસની શાળાના તમામ શિક્ષક ભાઈ–બહેનોએ મુક્કંઠે પ્રશંસા કરી હતી. શાળા પરિવાર દ્વારા આ બાળ–શિક્ષકોને તેમના સુંદર પ્રયાસ બદલ હાર્દિક અભિનંદન અને ઉજજવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો હતો અને શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો માટે એક અવિસ્મરણીય સ્મૃતિ બની રહ્યો હતો.

### વિદ્યાર્થીઓએ પિરામિડ રચી મટુકીફોડ કરી

# બાબરા : પંચશીલ સ્કૂલ ખાતે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી

### 'નંદ ઘેર આનંદ ભયો'ના નાદથી ગુંજી ઉઠયું શાળા પરિસર



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૭

બાબરા ખાતે આવેલી પંચશીલ સ્કૂલમાં જન્માષ્ટમી પર્વને અનુલક્ષીને ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવની ભક્તિભાવ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળા પરિસર ગોકુળનગરીના માહોલમાં ફેરવાઈ ગયું હતું અને વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી અંતર્ગત બાલવાટિકા તેમજ ધોરણ ૧ અને ૨ના વિદ્યાર્થીઓ ભગવાન શ્રીકૃષ્ણની મનમોહક વેશભૂષામાં સજ્જ થઈ શાળામાં ઉપસ્થિત રહ્યા હતા, જયારે મોટા ધોરણોના વિદ્યાર્થીઓએ નંદબાબાની વેશભૂષા ધારણ કરી કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ મટુકીફોડ રહ્યું હતું. વિદ્યાર્થીઓએ એકબીજાના સહયોગથી સુંદર પિરામિડ રચી અને બાલકૃષ્ણના હસ્તે મટકી ફોડવામાં આવી હતી. મટુકીફોડ થતાં જ સમગ્ર શાળા પરિસર 'નંદ ઘેર આનંદ ભયો'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું અને વિદ્યાર્થીઓ તથા શિક્ષકોમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી. મટુકીફોડ બાદ રાસગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બાલવાટિકાથી લઈને ધોરણ ૧૨ સુધીના વિદ્યાર્થીભાઈ–બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પરંપરાગત વેશભૂષામાં સજ્જ વિદ્યાર્થીઓએ રાસગરબાની રમઝટ બોલાવી જન્માષ્ટમીની ઉજવણીને વધુ યાદગાર બનાવી હતી.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળા સંચાલક પ્રકાશભાઈ ગોલેતર ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરૂ પાડયું હતું. કાર્યક્રમને સફળ બનાવવા પંચશીલ સ્કૂલના સમગ્ર સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. શિક્ષકોના માર્ગદર્શન અને વિદ્યાર્થીઓના ઉત્સાહથી સમગ્ર કૃષ્ણ જન્મોત્સવ આનંદ, ઉમંગ અને ભક્તિમય વાતાવરણમાં સંપન્ન થયો હતો.

### ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે

# લાલાવદર ખાતે રૂ. ૧૨ કરોડના ખર્ચે નિર્માણ થનાર ૬૬ કે.વી. સબ સ્ટેશનનું ખાતમુહૂર્ત

### ૬ ગામના આશરે ૨,૫૦૦ ગ્રાહકોને મળશે ગુણવત્તાસભર વીજ પુરવઠો



અમરેલી, તા. ૭

અમરેલી તાલુકાના લાલાવદર મુકામે ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કંપની લિમિટેડ (જેટકો) દ્વારા રૂ. ૧૨ કરોડથી વધુના ખર્ચે નિર્માણ થનાર ૬૬ કે.વી. સબસ્ટેશનનું ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લાલાવદર–ચક્કરગઢ સી.સી રોડના બાકી રહેતા ભાગમાં આશરે રૂ. ૮૦ લાખના ખર્ચે નિર્માણ થનાર સુવિધા પથનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિધિવત ભૂમિપૂજન કરી મંત્રીના હસ્તે નવા સ્ટેશનના ખાતમુહૂર્તની તકતીનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વ હેઠળ અમરેલી વિધાનસભા મતવિસ્તારના ત્રણેય તાલુકામાં વિકાસકાર્યોને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. લાલાવદર ખાતે નિર્માણ થનાર ૬૬ કે.વી. સબસ્ટેશન કાર્યરત થતાં અમરેલી શહેર તેમજ અમરેલીના ગ્રામ્ય ખેતીવાડી વિસ્તાર ઉપરાંત લાલાવદર, સલડી, ગોઢાવદર, દુધાળા (બાઈ) અને કેરિયા–નાગસ સહિતના છ ગામોના આશરે ૨,૫૦૦ ગ્રાહકોને વધુ સાતત્યપૂર્ણ અને ગુણવત્તાસભર વીજપુરવઠો મળી રહેશે. નવા સબસ્ટેશનના કારણે લો–વોલ્ટેજ સહિતની વીજપુરવઠા સંબંધિત સમસ્યાઓમાં પણ ઘટાડો થશે.

મંત્રીએ ઉમેર્યું હતું કે, લાલાવદર ખાતે રાજય અને રાષ્ટ્રીય કક્ષાની રમત–ગમત સ્પર્ધાઓ યોજી શકાય તેવું અત્યાધુનિક રમત–ગમત સંકુલ તૈયાર કરવામાં આવ્યું છે. આ સંકુલમાં યોજાનારી મોટી રમત–ગમત સ્પર્ધાઓથી લાલાવદરનું નામ રાજય અને રાષ્ટ્રીય સ્તરે ઉજાગર થશે. સંકુલમાં આવનાર ખેલાડીઓમાટે રહેવા અને ભોજનની સુવિધા ઉપલબ્ધ કરાવવા રાજય સરકાર દ્વારા ૧૦૦ ભાઈઓ અને ૧૦૦ બહેનો માટેની ક્ષમતાવાળી હોસ્ટેલ રૂ. ૨૫ કરોડના ખર્ચે મંજૂર કરવામાં આવી છે. મંત્રીએ ઉમેર્યુ હતું કે, અમરેલી–લાલાવદર– લીલીયા માર્ગ અગાઉ બિસ્માર સ્થિતિમાં હોવાથી અકસ્માતોની ઘટનાઓ બનતી હતી. સ્થાનિકોની રજૂઆતને ધ્યાને લઈ આ માર્ગનું આધુનિકીકરણ કરવામાં આવ્યું છે. નવી શાળા, પંચાયત ભવન, આરોગ્ય કેન્દ્ર, આંગણવાડી, માર્ગ–રસ્તા, રમત–ગમત સંકુલ અને સબસ્ટેશન સહિતના વિવિધ વિકાસ કાર્યો થકી છેલ્લા સાડા ત્રણ વર્ષના ટૂંકા ગાળામાં લાલાવદરને રાજય સરકાર દ્વારા આશરે રૂ. ૧૦૦ કરોડના વિકાસ કાર્યોની ભેટ મળી છે.

મંત્રીએ ખેડૂતો માટે સૌની યોજનાનું પાણી અમરેલીના કુંકાવાવ તાલુકા સુધી પહોંચ્યું હોવાની ઉપલબ્ધિનો ઉલ્લેખ કરી, રાજય સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં અમલમાં મૂકવામાં આવેલા કૃષિ રાહત સહાય પેકેજ તેમજ ૧૧૫ ગામોમાં તળાવો ઊંડા કરવાની કામગીરી સહિતની કૃષિ કલ્યાણલક્ષી કામગીરીની માહિતી આપી હતી. નવા સબસ્ટેશનમાંથી ૧૧ કે.વી.ના પાંચ ફીડર મારફતે વીજપુરવઠો પહોંચાડવામાં આવશે. આ સબ સ્ટેશન કાર્યરત થતાં ૬૬ કે.વી. અમરેલી–એ અને ૬૬ કે.વી. લીલીયા સબસ્ટેશન પરનો વીજભાર નોંધપાત્ર રીતે ઘટશે. પરિણામે હયાત સબસ્ટેશન પરથી વીજળી મેળવતા ગ્રાહકોને પણ પૂરતા દબાણ સાથે વધુ સાતત્યપૂર્ણ વીજપુરવઠો મળી રહેશે.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના સભ્ય આશિષભાઈ અકબરી, અગ્રણીઓ મનસુખભાઈ ગાંગડિયા, ચેતનભાઈ ઘાનાણી, નિકુલભાઈ માંડણકાર, મધુભાઈ હરખાણી, કાળુભાઈ વાળા, નાથાલાલ સુખડિયા, જેટકો તથા પી.જી.વી. સી.એલ.ના અધિકારીઓ અને લાલાવદરના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# મોણવેલ ગામ ખાતે ખેડૂતોને દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી, મિશ્ર પાક પદ્ધતિ, અને પ્રાકૃતિક પેદાશોનું વેચાણ અંગે નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન



અમરેલી, તા. ૭

ધારી તાલુકાનાં મોણવેલ ગામ ખાતે તા. ૬/૮/૨૦૨૬નાં રોજ પ્રાથમિક શાળામાં ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી (જીએનએફએસયુ), હાલોલ સંલગ્ન કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી દ્વારા ખેડૂતો માટે પ્રાકૃતિક ખેતી વિષયક વિશેષ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં મોણવેલ તેમજ આસપાસના વિસ્તારોના ૨૫૦થી વધુ ખેડૂતો ઉત્સાહભેર જોડાયા હતા.

કાર્યક્રમની શરૂઆત યુનીવર્સિટીનાં ઈન્વોકેશન સોન્ગથી થઈ હતી. ત્યારબાદ મુખ્ય અતિથિઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી (જીએનએફએસય), હાલોલનાં કુલપતિ ડો. સી.કે. ટિંબડિયાએ ખેડૂતોને સંબોધતા પ્રાકૃતિક ખેતીનું તવજ્ઞાન અને તેના વૈજ્ઞાનિક આધાર વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે પ્રાકૃતિક ખેતી શું છે, વર્તમાન સમયમાં તેની જરૂરિયાત શા માટે વધી રહી છે તથા રાસાયણિક ખેતી અને પ્રાકૃતિક ખેતી વચ્ચેનાં મૂળભૂત તફાવતો અંગે માહિતી આપી હતી. તેમણે જીવામૃત અને બીજામૃતનાં ઉપયોગથી જમીનમાં સૂક્ષ્મજીવોની સંખ્યા વધે છે, જમીનની જૈવિક સક્રિયતા સુધરે છે અને પાકને પોષણ ઉપલબ્ધ થાય છે તે અંગે સમજણ આપી હતી. ઉપરાંત પ્રાકૃતિક ખેતીમાં મિશ્ર પાક પદ્ધતિનું મહત્વ, જીવાત અને રોગ નિયંત્રણમાં તેની ભૂમિકા તેમજ ખેડૂતોની આવકમાં સ્થિરતા લાવવામાં તેના ફાયદાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે દેશી ગાય આધારિત કુદરતી ખેતીનાં મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે દેશી ગાયનાં ગોબર અને ગૌમૂત્રમાંથી તૈયાર થતા વિવિધ પ્રાકૃતિક ઈનપુટસ જમીનની તંદુરસ્તી જાળવવામાં અને ટકાઉ કૃષિ વ્યવસ્થા ઉભી કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

ઉપરાંત સુડાવડ ગામનાં સરપંચ તથા પ્રગતિશીલ પ્રાકૃતિક ખેડૂત પ્રવીણભાઈ આસોદરિયાએ પ્રાકૃતિક ખેતીનાં ઉત્પાદનોનાં માર્કેટિંગ વિષય પર ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં મોણવેલ ગામના અગ્રણી કનુભાઈ સુખડિયા, ધનજીભાઈ ડાવરા, સરપંચ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવીને સ્વસ્થ સમાજ અને પર્યાવરણ નિર્માણમાં યોગદાન આપવા અપીલ કરી હતી.

આ ઉપરાંત કાર્યક્રમમાં કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલીનાં મદદનીશ પ્રાધ્યાપક, ડો. કે.વી. મશાલિયા તથા કુ. રૂપાલી વઘાસીયા, ખેતી અધિકારી કુ. જાનવી પરમાર અને આઈટી એક્ષપર્ટ કે. વી. ઠુંમર ઉપસ્થિત રહ્યા હતા. જેમણે આ તાલીમને સફળ બનાવવામાં મહત્વપૂર્ણ ભાગ ભજવ્યો હતો. આ સાથેજ દલખાણિયા પગાર કેન્દ્ર શાળાનાં પ્રિન્સિપાલ હેમલભાઈ જયસ્વાલ તથા કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

કાર્યક્રમનાં અંતે ખેડૂતો સાથે પ્રશ્નોત્તરી યોજાઈ હતી, જેમાં ખેડૂતોના વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમનાં સફળ આયોજન બદલ આયોજકો તથા ઉપસ્થિત ખેડૂતો દ્વારા પ્રસન્નતા વ્યક્ત કરવામાં આવી હતી.

કાર્યક્રમના અંતે વંદે માતરમ ગાન સાથે કાર્યક્રમને સફળ રીતે વિરામ આપવામાં આવ્યો હતો.

